સુવિચાર
જન્મ નિશ્ચિત છે, મરણ પણ નિશ્ચિત છે, પણ સારા કર્મ હશે તો સ્મરણ નિશ્ચિત છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૭/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ વદ–૧૪ વર્ષ : ૧૫ અંક : ૧૮૨

## નેશનલ હાઈવે ઓથોરીટી સાઈન બોર્ડ લગાવવાનું અનેક સ્થળોએ ભૂલી

# રાજુલા–ઉના–વેરાવળ બાયપાસ માર્ગ પર વાહનો દોડતા થયા

ઉના–કોડિનાર વચ્ચે લામધાર ગામનાં પાટીયા પાસેથી વ્યાજપુરનાં માર્ગ પર સાઈનબોર્ડનો અભાવ

નેશનલ હાઈવે ઓથોરીટીએ સત્તાવાર રીતે બાયપાસ શરૂ થયાનું જણાવેલ ન હોવા છતાં વાહનોની અવર-જવર શરૂ

ટુ-વ્હીલર કે અન્ય વાહનચાલકોને ગ્રામ્ય વિસ્તારમાં જવા પુછપરછ કરવી પડે છે

છેલ્લા એક દાયકાથી ભાવનગર–રાજુલા–ઉના–કોડિનાર વચ્ચેનો હાઈવે બનાવવામાં આવી રહ્યો છે





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૫

સોમનાથ–ભાવનગર ફોરટેક નેશનલ હાઈવે ઉનાનાં લામધાર ગામના પાટીયા પાસેથી વ્યાજપુર ગામે નિકળતો ઉના બાયપાસ રાજુલા, મહુવા અને ભાવનગર કાઢવામાં આવેલ છે. હાલ આ લામધાર–વ્યાજપુર હાઈવે બાયપાસ પર વાહનોની અવર જવર શરૂ થઈ ગઈ છે.

પરંતુ આ બાયપાસ શરૂ કર્યા અંગે કોઈ સત્તાવાર નેશનલ બાયપાસ ઓથોરિટી દ્વારા જાહેરાત કરવામાં આવી નથી. તેમ છતાં આ બાયપાસ પર નાના–મોટા ભારે વાહનો દોડવા લાગ્યા છે અને શહેરમાં મોટા વાહનો ઓછા થયાં હોય પરંતુ બાયપાસનાં સત્તાવાર રીતે સાઈન

અનુસંધાન પાના ૬ ઉપર

### સ્પેશ્યલ ઓપરેશન ગૃપે કરી કાર્યવાહી

## બગસરામાંથી ઘઉંનાં શંકાસ્પદ જથ્થા સાથે ટ્રકની અટકાયત કરાઈ

સ્થાનિક મામલતદારને જાણ કરવામાં આવી



અમરેલી, તા. ૧૫

અમરેલી એસઓજી તા. ૧૪નાં રોજ બગસરા ગામે પેટ્રોલીંગમાં હતા ત્યારે તેઓને મળેલ બાતમીનાં આધારે એક ટ્રકને રોકી તલાશી લેતા

અનુસંધાન પાના ૬ ઉપર

### ખાતેદારની રકમ ખાતામાં જમા ન કરાવતાં

## લાઠીનાં ધ્રુફણીયા પોસ્ટ ઓફિસનાં તત્કાલીન પોસ્ટ માસ્તર વિરૂધ્ધ ફરિયાદ

પોલીસે આરોપી રોનક રાઠવા વિરૂધ્ધ તપાસ હાથ ધરી

અમરેલી, તા. ૧૫

લાઠી તાલુકાના ધ્રુફણીયા બ્રાન્ચ પોસ્ટ ઓફિસ (દામનગર સબ પોસ્ટ ઓફીસ) પોસ્ટ માસ્તર તરીકે અગાઉ ફરજ બજાવતા આરોપી રોનક પી.રાઠવા (રહે. હાલ મુ.ચલમલી, તા.બોડેલી) પોતાની ફરજ દરમ્યાન અલગ અલગ ખાતેદારો પાસેથી બચતની રકમ લઈ ખાતેદારની પાસબુકમાં જમા કરી પોસ્ટ ઓફીસની જે તે ખાતાવહીમાં તથા દૈનિક હિસાબમાં સરકાર ખાતે રકમ જમા ન કરી તમામ ખાતેદારો પાસેથી કુલ રકમ રૂપિયા ૪૫,૦૦૦ લઈ તેઓના ખાતામાં જમા નહિં કરી તથા ખાતેદાર કુ. કવિતાબેન ભીખાભાઈ વનરાના બચત ખાતામાંથી ખાતેદારની બનાવટી

અનુસંધાન પાના ૬ ઉપર

### દરજી કામ કરતાં શખ્સે મોં કાળુ કરતાં ફીટકાર

## હાય રે કળિયુગ : અમરેલીનાં એક શખ્સે પાંચ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરતાં પોલીસ ફરિયાદ

ગણતરીની કલકોમાં જ આરોપીને દબોચી લેતી પોલીસ

અમરેલી, તા. ૧૫

અમરેલી શહેરની પૂર્વ દીશામાં આવેલ જલારામનગરમાં આરોપીએ પોતાની દરજીની દુકાનમાં ગઈકાલે સવારે એક ૫ વર્ષ ૮ માસની કુમળી વયની બાળકીને દુકાનમાં બોલાવી મોબાઈલમાં કાર્ટુન બતાવી કિશોરીનાં શરીરે અડપલા અને છેડછાડ કરી બળાત્કાર કર્યાની ફરિયાદ ભોગ બનનાર બાળકીનાં પિતાએ અમરેલી સીટી પોલીસમાં નોંધાવતા સીટી પીઆઈ ડી.કે. વાઘેલાએ બનાવ અંગે જીણવટભરી તપાસ હાથ ધરી છે.

અનુસંધાન પાના ૬ ઉપર



### રાજુલા નજીક આવેલ

## વડલી ગામે પુત્રએ પ્રેમલગ્ન કરી લેતા આરોપીએ માતાને પાઈપ વડે માર માર્યો

તેજ ગામે રહેતા ૨ મહિલા સહિત ૩ સામે ફરિયાદ

અમરેલી, તા. ૧૫

રાજુલા તાલુકાનાં વડલી ગામે રહેતા પાંચીબેન અરવિંદભાઈ ધાખડા નામનાં ૪૦ વર્ષિય મહિલાનાં પુત્ર સુનિલે ગત તા. ૨૨/૬નાં રોજ તેજ ગામે રહેતા ચંદ્રિકાબેન નાગજીભાઈ બોરીચાની પુત્રી સાથે પ્રેમલગ્ન કરેલ. તે વાતનું મનદુઃખ રાખી સામાવાળા ચંદ્રિકાબેન, સોનલબેન લાલજીભાઈ બોરીચા તથા લાલજીભાઈ રૂડાભાઈ બોરીચાએ પાંચીબેનનાં ઘર પાસે આવી અને તેમને બહાર બોલાવી લોખંડના પાઈપ, છુટા પથ્થર મારી ઈજા કર્યાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાઈ છે.

### સાવરકુંડલા નજીક

## જેસર રોડ, બાયપાસ રોડ ઉપરથી ક્રુરતાપૂર્વક બાંધી લઈ જવાતી ૯ ભેંસને પોલીસે બચાવી

પોલીસે રૂા. ૯.૩૫ લાખનાં મુદ્દામાલની અટકાયત કરાઈ

અમરેલી, તા. ૧૫

અમરેલીનાં કસ્બાવાડમાં રહેતા અલ્ફેજ મહેબુબભાઈ કાલવા તથા વહીજભાઈ યુસુફભાઈ કાલવા

અનુસંધાન પાના ૬ ઉપર

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ▪ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

ડૉ. વિવેક જોષી
M.B.D.P.M.
FIPS.MIAPP
ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ
મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત
વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
તો નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ પાસે કાનની તપાસ કરાવો
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
કોકલીયર ઈમ્પ્લાન્ટનું જુનું મશીન
કોકલીયર ઈમ્પ્લાન્ટનું નવું મશીન
કોકલીયર ઈમ્પ્લાન્ટ ઓપરેશન વિશે માર્ગદર્શન મળશે.
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, હોટલ એન્જલ નજીક, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

# અમરેલીનાં "કામધેનુ" ગૌ શાળાની નાયબ દંડક કૌશિક વેકરિયાએ મુલાકાત લીધી






મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં જન્મ દિવસ નિમીતે અમરેલી શહેર ખાતે આવેલ શીવમ કેબલ ટ્રસ્ટ સંચાલિત કામધેનુ બિમાર ગાયોની સેવા કરતી સંસ્થા ખાતે નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાએ શુભેચ્છા મુલાકાત લીધેલ. તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયાનું સંસ્થા વતી સન્માન કરેલ. આ તકે જિલ્લા બક્ષીપંચ મોરચાનાં ઉપપ્રમુખ ધર્મેન્દ્રગીરી ગૌસ્વામી, મનોજભાઈ કાનાણી, સુરેશભાઈ ત્રિવેદી, કીરીટભાઈ, કાનભાઈ જાની, નગરપાલીકા સભ્ય દીલીપભાઈ વાળા, હરીભાઈ કાબરીયા, ચિરાગભાઈ ચાવડા, સદામભાઈ, આરીફભાઈ, મહેન્દ્રભાઈ ચાવડા, રાજુભાઈ મહેતા, રાજુભાઈ ગૌસ્વામી સહીતનાં આગેવાનો હાજર રહયા હતા.

## શાળા સંચાલક મિત્રોને સંબોધન



આદરણીય સંચાલક મિત્રો,

સાદર વંદન.

આજે આપ સૌને એક પત્રાચારનાં માધ્યમથી સંબોધી રહ્યો છું. આશા છે કે મારા શબ્દો રૂપી લાગણીઓને આપના હૃદયનાં દરવાજા સુધી પહોંચે.

નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થઈ ગઈ છે, અને વાવાઝોડાનાં વિઘ્ને પણ આપણને કોઈ અસર પહોંચાડી નથી. બધુ હેમ ખેમ ચાલી રહ્યું છે, અને આશા રાખીએ કે સમગ્ર વર્ષ દરમ્યાન આપણા બાળકો કે આપણે સૌને કોઈ આફતો કે મહામારીનો સામનો ન કરવો પડે.

વિશેષ આપ સૌને ખાસ અને મહત્વની વાત અપીલ સાથે કરી રહ્યો છું. તાજેતરમાં આપણે સૌ જાણી રહ્યાં છીએ કે દેશ અને દુનિયામાં કંઈક અલગ માહોલ ચાલી રહ્યો છે. અને ખાસ કરીને આપણા દેશમાં એમાં પણ ગુજરાતમાં અસરકારક રીતે અલગ માહોલ જોવા મળી રહ્યો છે. અને એ પણ ધાર્મિકતા સાથે જોડાયેલો છે. સાવ સામાન્ય અને નાની નાની બાબતોમાં પણ સીધો ધાર્મિકતાને પ્રવેશ કરાવીને વાતને ઉગ્ર બનાવી દેવાતી હશે કે કેમ ? એ પ્રશ્ન છે, અને ઘણી વખત આમાં શાળાઓ કે શાળા સંચાલકો પણ બાકાત રહેતા નથી. આપણો પણ સમાવેશ થઈ જાય છે. એટલે સાવચેત રહેવા જેવો સમય ચાલી રહ્યો છે.

"શાળા એ વિદ્યા દેવીનું મંદિર છે." એ વાત આપણે વર્ષોથી વાગોળતા આવીએ છીએ અને આ મંદિરમાં વિદ્યા પ્રાપ્ત કરવાનો સૌને અધિકાર છે અને સૌ એ અધિકાર મેળવી રહ્યાં છે. આપણે ત્યાં અભ્યાસ બાળકનો ધર્મ છે, વિદ્યા, સંસ્કાર, સદ્વિચાર, સભ્યતા, વિવેક જેવા ગુણો પ્રાપ્ત કરવાનો એ આપણો ધર્મ છે. આપણા બાળકોને સંપૂર્ણ માનવ બનાવવાનો ઉત્તમ રસ્તો બતાવવાનો, રસ્તે દોરી જવાનો બસ આપણો બીજો કોઈ ધર્મ ન હોય શકે. આપણે વ્યકિતગત કોઈ ધર્મ સંપ્રદાયનાં અનુયાયિ હોય પરંતુ એ આપણી વ્યકિતગત બાબત છે.

હિન્દુસ્તાનનાં સંવિધાનની બિનસાંપ્રદાયિકતાએ મજબુત નિવ છે અને એ આપણી શાળા માટે પ્રાણ સમાન હોય છે. હિન્દુસ્તાનનું દરેક બાળક આપણી સંસ્કૃતિ સભ્યતાની વિરાસતથી વાકેફ થાય તે પણ સમયની માંગ છે.

તાજેતરમાં ઘણી શાળાઓમાં દેવી–દેવતાનાં ફોટા કે પ્રાર્થના અને બુકસનાં કન્ટેન્ટને લઈને ઘર્ષણોનાં બનાવો બનવા પામ્યા છે. ત્યારે આ બધી બાબતોમાં આપણે ખાસ કાળજી લેવી ઘટે. દેશકાળ અને સ્થિતિને અનુરૂપ વ્યવસ્થાઓ પણ આપણે ઉભી કરવી જરૂરી છે. સાંપ્રત સમયમાં માનવીય સાયકોલોજી એટલી બધી સેન્સેટીવ થઈ ગઈ છે કે લોકોની વાત–વાતમાં લાગણીઓ દુભાઈ જાય છે. ત્યારે દુભાઈ જતી લાગણીઓનાં ધસમસતા પુરનાં પ્રકોપમાં કયાંય આપણે તણાઈ ન જાય તેની કાળજી લેવી જરૂરી છે. શાળાઓમાં કોઈપણ સંપ્રદા, ધર્મ, જાતિ વગેરેની લાગણી આજે કે ભવિષ્યમાં દુભાય ન જાય એવું વાતાવરણ ઉભુ કરવું એ પણ સમયની માંગ છે.

આ બાબતે આપણે આપણા શિક્ષકોને પણ અવગત કરતા રહેવું એ જરૂરી છે. આપણી શાળાઓ ખરેખર વિદ્યાદેવીનું મંદિર બની જ રહે તેવા વાતાવરણની સર્વસ્વીકૃત અપેક્ષા છે. ટેક્ષબુકમાં આવતા કન્ટેન્ટ ભણાવતી વખતે કોઈ શિક્ષકો ભાવનાના આવેગમાં આવી ન જાય તે અંગે સૌને સાવચેત કરવા જરૂરી છે.

ઉપરોકત તમામ બાબતોનું ધ્યાન દોરવાનું કારણ છે. બાળ માનસ પર વિપરીત અસર ન પડે. મારી વાત આપ સૌને યોગ્ય જણાય તો આ અંગે ગંભીરતાપૂર્વક વિચારવા કૃપા કરશોજી.

**– હસમુખ પટેલ**
**પ્રમુખ સેવક**
**અમરેલી જિલ્લા સ્વ નિર્ભર શાળા સંચાલક મંડળ અમરેલી.**

## અમરેલીની કોમર્સ કોલેજનું ગૌરવ




અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં એસ.વાય.બી.કોમ. માં અભ્યાસ કરતા કુ. હર્ષિલાબા સરવૈયા અને કુ. ક્રિષ્ના રાવએ કમબાઈન્ડ એન્યુઅલ ટ્રેઈનિંગ કેમ્પમાં(સીએટીસી) ઉત્કૃષ્ટ દેખાવ કરી કે.કે. પારેખ કોમર્સ કોલેજ–અમરેલી અને અમરેલી જિલ્લા વિદ્યાસભાનું ગૌરવ વધાર્યુ છે.

તેઓની આ સિદ્ધિ બદલ કોલેજનાં ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. એમ.એમ. પટેલ અને એન.સી.સી. ઓફિસર પ્રા. વી.જી વસાવા તથા શૈક્ષણિક–બિન શૈક્ષણિક કર્મચારીઓએ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ આઈ.કયુ.એ.સી.નાં કો–ઓર્ડિનેટર પ્રા. બી.આર. ફીણવીયાએ જણાવ્યું હતું.

## સા.કુંડલા : થોરડીની શાળામાં શિક્ષકોનાં અભાવથી પરેશાની




સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલાનાં થોરડી ગામે શાળામાં ભણતાં બાળકોનું ભવિષ્ય અંધકારમાં જોવા મળી રહ્યું છે.

થોરડી ગામે પ્રાથમિક શાળામાં રૂમની ઘટ છે. બાળકો બે પાળીમાં ભણે છે. સવારે ૭ થી ૧૨ અને ૧૨ થી ૫ ભણાવવામાં આવે છે.

થોરડી પ્રાથમિક શાળામાં શિક્ષકોની પણ તંગી છે. હાલમાં ધોરણ ૧ થી ૮ નો અભ્યાસ છે. ૨૩૧ બાળકોની સંખ્યા છે. તેમાં ૫ શિક્ષક ફરજ ઉપર છે. એક શિક્ષીકા લાંબા ટાઈમથી રજા ઉપર છે. હાલનાં ધોરણે ૪ શિક્ષકો અને ૮ ધોરણ છે. તો શું બાળકોનું ભવિષ્ય અંધકારમાં છે. માટે સરકારમાં દાવો પોકળ બતાવે છે. ભણશે ગુજરાત ? તાત્કાલિક ધોરણે શિક્ષણ અધિકારી ધ્યાન દોરે બાળકોનું બગડતું ભવિષ્ય સુધરે.

## આઈ.ટી.આઈ.માં રજાનાં દિવસે તા. ૧૬ જુલાઈએ પણ પ્રવેશ પ્રક્રિયા શરૂ રહેશે

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાની તમામ આઈ.ટી.આઈ.માં રજાના દિવસે પણ પ્રવેશ પ્રક્રિયા શરૂ રહેશે. તા.૧૬ જુલાઈ ૨૦૨૩ ને રવિવારના રોજ જાહેર રજાના દિવસે પણ પ્રવેશ પ્રક્રિયા શરૂ રહેવાની હોય મેરીટ યાદીમાં નામ ધરાવતા તમામ ઉમેદવારોએ નજીકની આઈ.ટી.આઈ. નો સંપર્ક કરી નિયત ફી ભરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે. તેમ અમરેલી આઈ.ટી.આઈ.ના આચાર્યની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં

## સા.કુંડલાનાં માનવ મંદિર આશ્રમ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં જન્મદિનની ઉજવણી કરાઈ

### મનોરોગી બહેનો પણ ઉજવણીમાં જોડાઈ



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને તેમની ટીમ દ્વારા સાવરકુંડલા મનોરોગી આશ્રમ માનવ મંદિરે ગુજરાતના મુખ્યમંત્રીનો જન્મ દિવસ ઉજવવા આવી પહોંચ્યા અને આ એક એવી સંસ્થા છે કે જયાં રખડતી ભટકતી નિરાધાર મનોરોગી મહિલા પુરા એ દેશમાંથી પોલીસ મૂકી જાય છે અને આશ્રમના ભકિતરામબાપુ દ્વારા વિનામૂલ્ય તેમની સારવાર કરવામાં આવે છે. આવી અદ્ભૂત સેવા કરનાર આશ્રમના મનોરોગી મહિલાઓ અને ભકિતરામબાપુના સાનિધ્યમાં જન્મદિવસ ઉજવી ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને તેમની ટીમ દ્વારા અનોખી રીતે જન્મ દિવસ ઉજવી મનોરોગી બહેનોએ કેક કાપી ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને તેમની ટીમ દ્વારા દરેક બહેનોનાં મોં મીઠાં કરાવી ફુલડે વધાવી મુખ્યમંત્રીને શુભકામનાઓ આપી. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો જન્મદિવસ ઉજવવા માટે માનવ મંદિર આશ્રમની બહેનોએ પણ જન્મ દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવી મુખ્યમંત્રીને માનવ મંદિરની બહેનોએ પણ લાંબા આયુષ્યની અને યશકિર્તીની શુભકામનાઓ સહ આશીર્વાદ આપ્યા હતા. સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને તેમની ટીમ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો જન્મદિવસ હરિના બાળકો વચ્ચે મનાવી મુખ્યમંત્રીને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આવો અનોખો જન્મદિવસ કદાચ ગુજરાતમાં પ્રથમ ઉજવાઈ રહ્યો હોય છે. આ તકે મહેશભાઈ કસવાલા, પ્રવિણભાઈ સાવજ, જીવનભાઈ વેકરીયા, રાજુભાઈ દોશી, વિજયસિંહ વાઘેલા, પરાગ ત્રિવેદી, પ્રવીણભાઈ કોટીલા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

### જિલ્લા કલેકટર અજય દહિયાનું સુચન

## અમરેલી જિલ્લાનાં સર્વાંગી વિકાસ માટે તમામ કામગીરી ઝડપથી પૂર્ણ કરો

### જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. સાંસદ નારણભાઈ કાછડીયા અને જિલ્લાના ધારાસભ્ય સર્વોએ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વીજળી, પીવાનું પાણી, સિંચાઈનું પાણી, ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ, સોલાર ઉર્જા, ખેડુત સહાય, વિવિધ કિસ્સાઓમાં વળતર સહાય, યાત્રાળઓને પ્રવાસન ધામ તરફ જવા અને આંગણવાડીના બાંધકામ સહિતના મુદ્દાઓ બાબતે રજૂઆત કરી હતી.

જિલ્લા કલેકટર અજય દહિયાએ, જિલ્લામાં વિવિધ કામગીરી વધુ સારી રીતે થઈ શકે તે માટે વિવિધ કચેરીઓના અધિકારીઓ–કર્મચારીઓને આંતરિક સંકલનમાં સક્રિયતા દાખવવા અને કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા માટે આયોજન કરી તેનો અમલ કરવા સૂચના અને માર્ગદર્શન આપ્યા હતા. જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક ઉપરાંત જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાયબ વનસંરક્ષક શેત્રુંજી વન્યજીવ વિભાગ દ્વારા સાવરકુંડલા–લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ગુજરાત સ્ટેટ ફોર બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફમાં સભ્ય તરીકે પસંદગી થવાની જાણકારી આપી હતી. આ તકે સમગ્ર સમિતિએ ધારાસભ્યને અભિનંદન પાઠવ્યા હતા. તેઓના નેતૃત્વમાં વન્યજીવ સૃષ્ટિને લગતા વિકાસ કાર્યો થાય તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ બેઠકમાં સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય સર્વો મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવિયા અને હિરાભાઈ સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા પોલીસ અધિકારી હિમકર સિંઘ, પ્રાંત અધિકારીઓ, વિવિધ કચેરીઓના અધિકારીઓ–કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર રવિન્દ્રસિંહ વાળાએ કર્યુ હતુ.

### પાલિકાનાં અધિકારીઓ આળશ ખંખેરે

## ચલાલામાં સતત વરસતા વરસાદથી કાદવકિચડનું સામ્રાજય ફેલાયું

### યુધ્ધનાં ધોરણે સ્વચ્છતા અને દવા છંટકાવ શરૂ કરો

ચલાલા, તા. ૧૫

ચલાલામાં છેલ્લા ઘણાં સમયથી સતત વરસતાં વરસાદને કારણે સમગ્ર શહેરનાં દરેક વિસ્તારોમાં કાદવકિચડે સામ્રાજય જમાવ્યું છે. તો ઘણાં વિસ્તારોમાં અંડર ગ્રાઉન્ડ ગટરની કુંડીઓ રેગ્યુલ ર સાફ ન થતાં ગંદુ પાણી રોડ ઉપર ઉભરાઈ રહ્યું છે. જેથી શહેરમાં મચ્છરનો અસહ્ય ત્રાસ અને મચ્છરજન્ય રોગચાળાએ ભરડો લીધો છે. ત્યારે હાલ શહેરમાં મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીય જેવાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોનાં દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. ત્યારે આવા ગંભીર પરિસ્થિતિમાં શહેરમાં ખાડાઓ ભરાયેલાં વરસાદી પાણીમાં તથા ઉભરાયેલ ગટરનાં પાણી તથા કીચડમાં જંતુનાશક દવાનો છંટકાવ કરી નિયમિત નગર પાલિકા પાસે રહેલ મચ્છર મારવા માટેનું અદ્યતન ફોગીંગ મશીન નિયમિત શહેરમાં ફેરવવા નેતાગણ, જવાબદાર અધિકારીઓને તાકીદ કરી લોકસેવાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડે તેવી માંગ ઉભી થઈ છે.

# અમરેલી જિલ્લા યુવા ભાજપ દ્વારા મિસ્ડ કોલ અભિયાન શરૂ કરાયું






કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના નવ વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે યુવાનોના સમર્થન માટે આજે કે.કે પારેખ કોમર્સ કોલેજ અમરેલી ખાતે અમરેલી જિલ્લા યુવા મોરચા અને અમરેલી શહેર યુવા મોરચા દ્વારા ૯૦૯૦૯૦૨૦૨૪ પર મિસ્ડ કોલ અભિયાન ચલાવી કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકારને સમર્થન આપવામાં આવ્યું. આ તકે ગુજરાત પ્રદેશ યુવા મોરચાના મંત્રી અને અમરેલી જિલ્લા યુવા મોરચાના પ્રભારી જય શાહ, અમરેલી જીલ્લા ભાજપના મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, અમરેલી જિલ્લા યુવા મોરચાના પ્રમુખ ચેતન શિયાળ, અમરેલી જિલ્લા યુવા મોરચાના મહામંત્રી મૌલિક ઉપાધ્યાય, અમરેલી શહેર ભાજપના પ્રમુખ ભાવેશભાઈ સોઢા, અમરેલી શહેર ભાજપના મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા, અમરેલી જીલ્લા યુવા મોરચાના ઉપ પ્રમુખ વીરલ પરીખ, યુવક અને સાંસ્કૃતિક બોર્ડના પ્રભારી ગટુ રામાણી, અમરેલી શહેર યુવા મોરચાના પ્રમુખ અર્જુન દવે, અમરેલી શહેર યુવા મોરચા મહામંત્રી જતીન સાવલીયા, અમરેલી જીલ્લા યુવા ભાજપ સોશ્યલ મીડીયા સેલના ઈન્ચાર્જ સ્મિત લાખાણી, અમરેલી જિલ્લા યુવા ભાજપ સોશ્યલ મીડિયા સેલના ઈન્ચાર્જ સંદીપ ત્રિવેદી, અમરેલી જિલ્લા યુવા ભાજપ પોલિસી એન્ડ રીસર્ચ સેલના ઈન્ચાર્જ મંથન જોશી, રવી પંડયા, શહેર કારોબારી, ગૌરવ મેહતા શહેર યુવા ભાજપ કારોબારી, હાર્દિક ચૌહાણ, વીશાલભાઈ દેવામુરારી, વીદુર પાથર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### શહેરીજનો અને વાહનચાલકોમાં માંગ ઉભી થઈ

# જાફરાબાદમાં નવા બ્રિજ ઉપર થતાં અકસ્માત અટકાવવા જુના બ્રિજને પણ કાર્યરત કરો

## સાગરખેડૂ વિકાસ ટ્રસ્ટ પણ અવારનવાર રજૂઆત કરે છે

જાફરાબાદ, તા. ૧૫

જાફરાબાદના નવા બ્રિજ ઉપર કાનજીભાઈ પોલાભાઈ બારૈયા નામના યુવાનનું અકસ્માત થતાં નવા પૂલ ઉપરથી જતા નાગરિકો દ્વારા તેઓને જાફરાબાદ સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવેલ. ત્યાંથી વધુ સારવાર માટે મહુવાથી ભાવનગર લઈ જવામાં આવેલ નવા પૂલ ઉપર અકસ્માત તથા ઘટના થર ઉપર લોહી નીકળે ત્યાં લોહી લુહાણ જગ્યા અવારનવાર અકસ્માત થતાં હોય છે. ત્યાંથી પસાર થતા સ્કૂલના વિદ્યાર્થીઓ તથા મહિલાઓ તથા ટુ વ્હિલર નવા પૂલ ઉપરથી ફોરવ્હિલર તથા મહાકાય ટ્રકો અવારનવાર પસાર થતા હોય છે. નાગરિકો, વિધાર્થીઓ, મહિલાઓ પગપાળા જતા હોય તે ચાલકો ભયમાં નવા પૂલ ઉપરથી અકસ્માતના ઓથા હેઠળ ચાલતા હોય છે. જુનો બ્રિજ બંધ કરી દેવાતા અનેક મુસિબતોનો સામનો કરતા નાગરિકો નવા બ્રિજ ઉપર અવારનવાર નાનામોટા અકસ્માતની ઘટના બનતી હોય અને ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલા જુનો બ્રિજને રીનોવેશન રીપેરીંગ કરી ચાલુ કરવા માટે અવારનવાર સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

પરંતુ આજદિન સુધી જુના બ્રિજનું રીનોવેશન કે રીપેરીંગની કોઈ પણ કામગીરી કરવામાં નથી આવી જર્જરીત પૂલની મરામત કરવામાં આવતી નથી. આ પૂલની તાત્કાલિક મરામત કરવામાં આવે તો તેની આવરદા વધી શકે તેમ છે. પરંતુ આ બાબતને લક્ષ્યમાં નહીં લઈને આ પૂલની બન્ને બાજુ પતરાં મારી સંપૂર્ણ બંધ કરી દેવાતા નાગરિકોની તથા મોટરસાયકલની અવરજવર બંધ કરી દેવામાં આવી. જેથી નાગરિકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અત્રે યાદ આપવું જરૂરી છે કે, આ પૂલ મરામત કરી ચાલુ કરવામાં આવે તો નવા પૂલ ઉપર થતાં અકસ્માતનો ભય ઓછો થાય તેમ છે. જુનો પૂલ ઉપરથી નાગરિકો તથા વિધાર્થીઓ મોટરસાઈકલ ચાલકો ભયમૂકત જઈ શકે તેમ છે. હાલમાં અને અગાઉ બનેલી અકસ્માતની ઘટનાઓ જુનો બ્રિજ ચાલુ થાય તો અકસ્માતનો ઘટાડો ઓછો થાય તેમ છે. અને લોકો પગપાળા ભય મૂકત ચાલી શકે હાલ જે ઘટના નવા બ્રિજ ઉપર અકસ્માત થયો તે યુવાનને જાફરાબાદથી વધુ સારવાર માટે મહુવાથી વધુ સારવાર માટે ભાવનગર લઈ જવામાં આવેલ છે.

### સ્કૂલનાં શિક્ષકો અને ટ્રસ્ટીઓનું ઉમદા કાર્ય

# અમરેલીની શ્રી હરિ સ્કૂલમાં બાળકોની નોન ફાયર કુકિંગ સ્પર્ધા યોજાઈ

## બાળકોએ ઉત્સાહભેર સ્પર્ધામાં ભાગ લીધો



અમરેલી, તા. ૧૫

અમરેલીની શ્રી હરિ સ્કૂલમાં બાળકોને નોન ફાયર કુકિંગની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ધોરણ ૬ થી ૧૨ સુધીનાં બધા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ખૂબ જ ઉત્સાહપૂર્વક બધી આઈટકો તૈયાર કરી હતી. જેમાં બાળકો ધ્વારા અવનવી વાનગીઓ બનાવવામાં આવી હતી. જેવી કે વેજીટેબલ સેન્ડવીચ, ચોકલેટ કેક, ફ્રૂટ ડીશ, ટાકોસ વગેરે આવી સ્પર્ધાઓના માધ્યમથી શ્રી હરિ સ્કૂલ અવારનવાર બાળકોને આવું નવું શીખવતી રહે છે તેમજ શાળાના આ પ્રયાસથી બાળકોમાં ખૂબ જ ઉત્સાહ વધ્યો છે. તેમજ એક નવો કન્સેપ્ટ નોન ફાય કુકિંગ જાણવા મળ્યો છે જેમાં ગેસના ઉપયોગ વગર પણ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વનગીઓ બનાવી શકાય છે. આ નવા પ્રયાસ ધ્વારા બાળકોને કંઈક નવું કરવાનો આનંદ મળ્યો. શિક્ષકોના સહકારથી આ પ્રોગ્રામ ખૂબ જ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. ભાવિક વસાણીસર, નીતિન પરમાર સર, જાગૃત કાનપરીયા (ટ્રસ્ટી) તેમજ ઋતા જોશી (પ્રિન્સિપાલ) ધ્વારા સંચાલિત આ શાળામાં અવારનવાર નવું નવું થતું રહે છે. જેની એક ઝલક આ ભૂલકાઓના ફોટો ધ્વારા જોઈ શકાય છે.

# સાવરકુંડલા ખાતે એન.સી.સી. અને એન.એસ.એસ. યુનિટ દ્વારા વૃક્ષારોપણ



સાવરકુંડલા, તા. ૧૫

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આર્ટસ અને એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે કાર્યરત એન.સી.સી. અને એન.એસ.એસ. યુનિટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સાવરકુંડલા/ લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અતિથિ વિશેષ ભરતભાઈ ચાંદુ(આર.એફ.ઓ) સામાજિક વનિકરણ, સા.કુંડલા તથા શ્રી પ્રતાપભાઈ ચાંદુ(આર.એફ.ઓ.) વનવિભાગ, સા.કુંડલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી નૂતન કેળવણી મંડળના ઉપપ્રમુખ મુકુંદભાઈ નાગ્રેચા, મેનેજિંગ ટ્રસ્ટી જયંતીભાઈ વાટલીયા, કારોબારી સભ્ય અષ્ટકાંતભાઈ સૂચક, શ્રી જનકભાઈ ઉપાધ્યાય તથા રાજુભાઈ દોશી, સુરેશભાઈ પાનસુરીયા, રાજુભાઈ શિંગાળા, શરદભાઈ પંડયા, પ્રવીણભાઈ સાવજ, કેશુભાઈ વાઘેલા, લલીતભાઈ મારૂ વગેરે ભાજપ અગ્રણીઓ / મહાનુભાવો તથા પત્રકારોની પ્રેરક ઉપસ્થિત રહી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ.સી. રવિયાએ કાર્યક્રમને અનુલક્ષીને પ્રાસંગિક ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ અને પર્યાવરણનું મહત્વ સમજાવેલ. એન.સી.સી.કેડેટસ અને એન.એસ.એસ. વોલેન્ટીયર્સની ઉપસ્થિતિમાં કાર્યક્રમના મુખ્ય મહેમાન મહેશભાઈ કસવાલા તથા અન્ય મહેમાનો તથા ટ્રસ્ટીઓના વરદ્ હસ્તે કોલેજ કેમ્પસમાં વિવિધ પ્રકારના વૃક્ષો વાવવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રિ. ડો. એસ. સી. રવિયા તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.એમ.જે.પટોળીયા, એનસીસી કમાન્ડિંગ ઓફિસર ડો. એલ. એલ. ચૌહાણ તથા કોલેજના સમગ્ર સ્ટાફગણે વિશેષ જહેમત ઉઠાવેલ એમ પાર્થ ગેડીયા દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### કેનેડા, અમેરીકાનાં પ્રવાસ બાદ આજે સ્વદેશ પરત ફર્યા

# સાવરકુંડલા APMCનાં ચેરમેન દીપકભાઈ માલાણી વિદેશયાત્રાએથી સ્વદેશ પરત ફર્યા

## તેઓનાં કેનેડા સ્થિત ભાણેજ દ્વારા કરાવેલ વિદેશ સફર સુખરૂપ સંપન્ન



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલાનાં એ.પી.એમ.સી.નાં ચેરમેન દિપકભાઈ માલાણી કેનેડા તથા અમેરિકાનાં પ્રવાસે હતા. વિદેશ યાત્રા દરમિયાન બંને દેશોનાં વિવિધ પ્રાંતનાં શહેરોની મુલાકાત તેમજ પારિવારિક એન.આર.આઈ. સ્વજનોને ત્યાં રોકાણ કરી માલાણી આજે કેનેડાથી સ્વદેશ પરત ફર્યા હતા.

બંને દેશોનો સંપૂર્ણ પ્રવાસ એ.પી.એમ.સી.નાં ચેરમેન દિપકભાઈ માલાણીનાં ભાણેજ જીગ્નેશ ભાલાળા કે જેઓ કેનેડા સ્થાયી છે. ભાણેજ દ્વારા માલાણીને બંને દેશોનો સુખરૂપ પ્રવાસ કરાવી આજે સ્વદેશ પરત ફર્યા હતા.

### પૂર્વ નગરસેવક લક્ષ્મીબેન બારીયાની રજૂઆત બાદ

# જાફરાબાદમાં પાલિકાનાં શાસકો દ્વારા સ્વચ્છતા અભિયાન શરૂ

## વરસાદી પાણી અને ગંદકીનો નિકાલ



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૫

જાફરાબાદનાં પૂર્ણ નગરસેવક લક્ષ્મીબેન બારીયાની રજૂઆત બાદ પાલિકાનાં શાસકો ધ્વારા શહેરમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવી છે.

શહેરમાં ફેલાયેલ ગંદકી અને વરસાદી પાણીનો ભરાવો દૂર કરવામાં આવેલ છે.

### વન્યપ્રાણીઓની અવરજવર છતાં તંત્ર બેફિકર

# લ્યો બોલો : ગીરગઢડાનાં જુડવડલી ગામે વાવાઝોડા બાદ હજુ સ્ટ્રીટલાઈટ શરૂ નથી

## રાત્રિનાં સમયે ગામજનોને મુશ્કેલી



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના

ઉના, તા. ૧૫

ગીરગઢડાના જુડવડલી ગામમાં છેલ્લા બે વર્ષથી સ્ટ્રીટ લાઈટ ન ફીટ કરાયેલ હોવાના કારણે ગામમાં રાત્રીના સમયે અંધારપટ્ટ છવાઈ ગયો છે. જેથી ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય ગીર નજીકના ગ્રામ્ય વિસ્તાર હોવાથી અવાર નવાર વન્યપ્રાણીઓ ગામમાં આવતા જતા હોય છે. ત્યારે રાત્રીના અંધારામાં ગામના પાદર સુધી સિંહો આવતા હોય છે. અને ગામ લોકોમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયુ છે. તાઉતે વાવાઝોડામાં વિજપોલ સ્ટ્રીટ લોઈટો તુટી ગયેલ હોય ત્યાર બાદ છેલ્લા બે વર્ષથી ગામ લોકો રાત્રીના સ્ટ્રીટ લાઈટ વગર અંધારામાં રહેવા મજબુર બન્યા છે. તેમ છતા આજદિન સુધી તંત્ર દ્વારા ગામમાં સ્ટ્રીટ લાઈટ ફિટ કરાવામાં આવી નથી. અને ગામ લોકો વન્યપ્રાણીઓથી ભયભીત રહે છે. કારણ કે વહેલી સવારે બાળકો, વિદ્યાર્થીઓ શાળાએ તેમજ ખેડૂતો જતા હોય ત્યારે અંધારામાં ભય રહે છે. આ બાબતની તંત્ર ગંભીરતા લઈ તાત્કાલીક યોગ્ય કરવા ગ્રામ પંચાયતના સરપંચ તેમજ ગ્રામજનોની માંગણી ઉઠવા પામેલ છે. ગીરગઢડાના જુડવડલી ગામ અરજણભાઈ ભાયાભાઈ ડાભીએ જણાવેલ કે બે વર્ષ પહેલા આવેલ તાઉતે વાવાઝોડામાં ગામમાં ઈલેકટ્રીક સ્ટ્રીટ બંધ થયા પછી આજ સુધી સ્ટ્રીટ લાઈટ ફિટ કરવામાં આવી નથી. ગામમા અંધારપટ્ટ છવાયો છે. અને રાત્રીના સમયે વન્યપ્રાણીઓ ગામમાં આવી જતા હોવાથી ગામ લોકોમાં ભય રહે છે. ટીડીઓ તેમજ મંત્રીને અવાર નવાર રજુઆત કરી છતાં તેનો અંત આવ્યો નથી. જુડવડલી ગ્રામ પંચાયત સભ્ય દોમડીયાએ જણાવેલ કે સ્ટ્રીટ લાઈટની સમસ્યા બે વર્ષથી છે. લાઈન ન હોવાથી અંધારામાં પણ અવાર નવાર ગામમાં અગીયાર વાગ્યામાં સિંહ આવી જતા હોય છે. ટી.ડી.ઓ.ને અને મંત્રીને બે વખત આ બાબતે રજૂઆત કરતા તેઓએ એક સાથે ૨૦ ગામની સાથે જીલ્લામાંથી સ્ટ્રીટ લાઈટો આવશે તેવું કહેલ પણ જીલ્લા કે તાલુકામાંથી પણ નથી આવી વારંવાર ગ્રામ પંચાયતે રજૂઆત કરી છે. ગામમાં તાત્કાલીક સ્ટ્રીટ લાઈટ ફીટ થાઈ તેવી માંગ છે.





ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦
















# એક વખત એવું બન્યું (ગેરકાયદેસર ડામર પ્લાન્ટ પર પગલા)

<u>ભાગ-૨૬</u>

**(કોલમિસ્ટ પોતે જયારે મામલતદાર તરીકે સરકારમાં ફરજનિષ્ઠ હતા એ સમયની કેટલીક યાદગાર ઘટનાઓ આપને આ શ્રેણીમાં વાંચવા મળશે.)**

ખંભાળિયાની બાજુના વિરમદડ નામના ગામની સીમમાં એક ખેતરમાં કોઈ વ્યકિત મંજૂરી વગર ગેરકાયદેસર રીતે ડામર પ્લાન્ટ ચલાવતો હોવાની બાજુના એક ખેતર માલિકે મને લેખિત અને મૌખિક ફરિયાદ કરેલ. આથી સૌપ્રથમ તો મેં ફરિયાદ કરનાર વ્યકિતની ફરિયાદ સાચી છે કે ખોટી એ તપાસ કરવાનું વિચાર્યુ. કારણ કે અમારા માટે એ જાણવું ખૂબ જરૂરી હોય છે કે કોઈ અમારા ખભા પર બંદૂક રાખીને બીજા પર ફોડતા તો નથી ને ! ફરિયાદ કરનાર વ્યકિત સાચી છે કે ખોટી એના કરતાં મહત્વનું હોય છે ફરિયાદ સાચી છે કે ખોટી. આમ રેવન્યૂ તલાટી દ્વારા સ્થળની તપાસ કરાવતા અને સર્કલ ઓફિસર મારફતે રેકર્ડની ખરાઈ કારાવતા ખરેખર ખેતીની જમીનમાં ડામર પ્લાન્ટ ઊભો કરેલો હોવાનું જાણવા મળ્યું.

હું પોતે સ્થળ તપાસ કરવા ગયો ત્યારે ડામર પ્લાન્ટના સ્થળથી ૨૦૦ મીટરના વિસ્તારમાં તો ઊભા રહીને શ્વાસ લઈ શકાય તેવી કોઈ પરિસ્થિતિ ન હતી. પ્રદૂષણ એની ચરમસીમા પર હતું. આસપાસના વિસ્તારના ખેડૂતોને અને તેમની જમીનોને ખૂબ મોટું નુકસાન થઈ રહ્યું હતું. એટલે તરત અમે તેમની નોટીસ ઈસ્યૂ કરી અને જે તે પાર્ટીને મારી રૂબરૂ આવી અને જરૂરી કાગળો રજૂ કરવાની સૂચના આપવામાં આવી. નિયત દિવસે અને સમયે ત્રણ વ્યકિતઓ આ બાબતે મને મળવા આવી અને બિનખેતીનો હુકમ રજૂ કરી શકયા નહીં. હકીકતમાં તેમને આ વિસ્તારના મોટા રાજકીય આગેવાનનો સપોર્ટ હોય તેમણે બિનખેતી માટે અરજી પણ કરેલ નહીં. આ ઉપરાંત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનું એન.ઓ.સી. પણ મેળવેલ નહીં. આથી અમે તેને તાત્કાલિક ડામર પ્લાન્ટ બંધ કરવાની સૂચના આપી રવાના કર્યા. ત્યારબાદ આપ સૌ જાણો છો તેમ શામ દામ અને રાજકીય ભલામણોની નીતિ શરૂ થઈ. આપ જાણો છો તે મુજબ મને કશો ફર્ક પડયો નહીં. આમ પણ પ્રદૂષણ ફેલાતું અટકાવવું એ તો એક સામાન્ય નાગરિકની પણ ફરજ હોય છે તો મારી તો ફરજ અને જવાબદારી બંને હતી. આથી મેં થોડું વિચારીને અને મારા ભૂતકાળના અનુભવોથી ફરિયાદ કરનાર ખેડૂતને બોલાવીને કહ્યું કે હું કંઈની પણ શેહશરમમાં આવ્યા વગર ડામર પ્લાન્ટને સીલ કરી દઈશ. તમે જિલ્લા કલેકટર સાહેબશ્રીને એક વખત રૂબરૂ મળીને હકીકત જણાવો. મામલતદારને નક્કર પગલા લેવાની સૂચના આપવાની વાત કરો. મને સાહેબશ્રીની સૂચના હશે તો હું કાર્યવાહી કરીશ.



જાગતે રહો...


ડો. ચિંતન વૈષ્ણવ

મો. ૮૯૮૦૦ ૩૫૦૩૪


બે દિવસ પછી મને માનનીય કલેકટર સાહેબનો ફોન આવ્યો અને આ બાબતે પૂછયું, મેં કરેલી સમગ્ર તપાસથી સાહેબશ્રીને માહિતગાર કર્યા. સાહેબશ્રીએ મને ડામર પ્લાન્ટને સીલ કરવાની સૂચના આપતા મેં એ જ દિવસે પોલ્યુશન કંટ્રોલ બોર્ડ જામનગરના અધિકારીશ્રીઓને હાજર રાખીને મારા સર્કલ ઓફિસર અશ્વિનભાઈ ગોહિલ દ્વારા ડામર પ્લાન્ટને સીલ કરાવી દીધેલ. આ ડામર પ્લાન્ટની બાજુમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના એક નાયબ મામલતદાર દ્વારા સંચાલિત સ્ટોન ક્રસર આવેલ. ડામર પ્લાન્ટ બંધ થવાથી તેમને પણ નાણાકીય નુકસાન થવાની પૂરી શકયતા હતી. આ નાયબ મામલતદારને આ વિસ્તારના એક મોટા કદના નેતા સાથે પારિવારિક સંબંધો હોય તેનાથી જિલ્લાના અન્ય મહેસૂલી કર્મચારીઓ પણ ગભરાતા હતા. જે કોઈપણ આ ભાઈને નડતરરૂપ થતા તેના વિશે ખોટી વાતો રાજકીય આગેવાનના મગજમાં ઠસાવીને કોઈપણ રીતે તેને હેરાન કરવાની વૃત્તિવાળા આ નાયબ મામતદાર હતા. એટલે તરત જ અગાઉ થયેલી રાજકીય ભલામણો રાજકીય પ્રેસરમાં પરિણમી. જિલ્લા કલેકટરશ્રીને પણ ડામર પ્લાન્ટ કે જે બિલકુલ ગેરકાયદેસર હોવાથી બંધ કરાવેલ તેને ફરીથી શરૂ કરાવી આપવા સૂચનાઓ અને પ્રેસર થવા લાગ્યા. મને-કમને પણ મોટા સાહેબને ડામર પ્લાન્ટ શરૂ થાય તે માટે રસ્તો કાઢવો પડેલ. એમણે મારો ડામર પ્લાન્ટ સીલ કરવાનો હુકમ મને આવી સત્તા ન હોવાના કારણો દર્શાવી રદ કરેલ. આવો હુકમ થતાં તરત જ ડામર પ્લાન્ટ ફરીથી કાર્યરત થયેલ. મને ખરેખર જ નવાઈ લાગી.

સાથોસાથ મને એવા પણ વિચારો આવવા લાગ્યા કે શું અમારે ખોટું ચલાવી લેવાનું ? અમારે સરકારના નિયમો અને કાયદા મુજબ અનુસરવાનું કે રાજકારણીઓની સૂચના મુજબ ? નિયમો શું માત્ર નબળા લોકોને દબાવવા માટે જ છે ?

અગાઉ પણ મને આવો અનુભવ થયેલ કે જયારે સંકલ્પ રેસ્ટોરન્ટ મહેસાણાને મેં સીલ કરાવેલ ત્યારે અન્ય કોઈ કારી ન ફાવતા અંતે મને આવી કોઈ સત્તા ન હોય મારો હુકમ રદ કરી રેસ્ટોરન્ટ ખોલાવી આપવામાં આવેલ... અરે ભાઈ જો તમને ખબર જ હતી કે મામલતદારને આવી સત્તા નથી તો શા માટે તમે મામલતદારને કાર્યવાહી કરવાની લેખિત અને મૌખિક સૂચના આપી ? હકીકત તો એ છે કે મહેસૂલી અધિકારી તમામ સત્તા ભોગવે છે. પણ રાજકારણીઓને સંતોષ મળે એટલે આવા હુકમો કરવામાં આવતા હોય છે. પણ હજુ વધુ નવાઈની વાત તો એ છે કે આટલું બધું પ્રદૂષણ ત્યાં થતું હોવા છતાં ઘણાં ખેડૂતોને આર્થિક અને આરોગ્યની દષ્ટિએ જોખમ હોવા છતાં અન્ય કોઈને આ બાબતે ફરિયાદ કરવી ન હતી. ખરેખર ગુજરાતના લોકોની સહનશકિતને દાદ દેવી પડે. કોઈ પત્રકારે પણ બાહોશ બનીને આ બાબતનો વિરોધ કર્યો નહીં. તો પછી આ ચોથો સ્તંભ શું કામનો કે જે ખોટાનો વિરોધ ન કરી શકે ? ખૂબ લાચારી એ દિવસે મેં અનુભવી કે હું ખૂબ નાનો અધિકારી છું કે હું આ ખોટા માણસોનું કશું બગાડી શકતો નથી. વિશેષ દુ:ખી એટલે થયો કે પર્યાવરણપ્રેમી હોવા છતાં હું પ્રદૂષણને રોકી ન શકયો. મિત્રો કયાં સુધી આવું ચાલશે ? જો આવું જ ચાલશે, પ્રજા જાગૃત નહીં થાય, પ્રજા પ્રશ્નો નહીં પૂછે, સારા અધિકારીઓને સપોર્ટ નહીં કરે, તો આવનારો સમય ખૂબ ખરાબ છે. આ રાજકારણીઓ પોતાના સ્વાર્થ માટે દેશ અને સમાજને પતનની દિશામાં લઈ જશે. **(ઉકત હકીકત ડો.ચિંતન વૈશ્નવ લિખિત ' તેજોવધ' પુસ્તકમાંથી લેવામાં આવેલ છે.)**

# ફિલ્મી સફર

(એક ઈતિહાસ)


હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬


<u>પ્રકરણ-૧૪૫</u>

**'તુમ સંગ જન્મ જન્મ કે ફેરે.. ભૂલ ગયે.. કયૂ સાજન મેરે..**
**તડપત હું મે સાંજ સવેરે.... હો.... આજા રે.. મેં તો. કબ સે ખડી.**
**દિલ તડપ તડપ કે કેહ રહા હૈ.. આભી જા.. તું હમ સે આંખના ચૂરા.**

પ્રિય વાચક મિત્રો ,

આગામી સપ્તાહ માં પવિત્ર અધિક માસ શરૂ થવા જઈ રહ્યો છે, તમામ વાચક મિત્રોને અધિક માસની શુભેછાઓ સાથે ૧૯૫૮ ના ફિલ્મી સફર માં આ વર્ષ ની પ્રથમ નંબર ની ફિલ્મ ' મધુમતી' ની વાત ચાલી રહી છે, ગત અંક ના સવાલો ના જવાબ આજે અહી સમાવાયેલા છે, મધુમતી એ પુનર્જન્મ પર આધારિત ફિલ્મો માં પ્રથમ ક્રમાંક ની ફિલ્મ આજે પણ છે, પણ આ ફિલ્મમાં પુનર્જન્મ સાથે પ્રેતાત્મા ની વાત પણ જોડી દેવા માં આવી છે, સામાન્ય રહસ્ય પણ છે, તે સમયે ભૂતપ્રેત પર ફિલ્મો ઓછી બનતી હતી, અશોક કુમાર ની 'મહેલ' ફિલ્મે દર્શકો ને ધ્રૂજવી દીધા હતા, તે અસામાન્ય પ્રયોગ ભૂતપ્રેત ની ફિલ્મો પર હિન્દી સિનેમા માં હતો, જે સફળ રહ્યો ત્યારબાદ મધુમતી ના વૈજયંતી ના પ્રેત ની ભૂમિકા દર્શકો ના રૂવાડા ઊભા કરી




શકેલ હતી, ગત અંક માં આપણે પ્રાણ ની બૂરી નઝર મધુમતી એટલે કે વૈજયંતી પર છે, ત્યાં સુધી વાત થઈ હતી. હવે આગળ...

દિલ તડપ તડપ કે કેહ રહા હૈ.. આભી જા.. તું હમસે આંખ ના ચૂરા તુજે કસમ હૈ આભી જા.. દિલ ધડક ધડક કે દે રહા હૈ યે સદા. તુમહારી હો ચૂકી હું મે, તુમહારે પાસ હું સદા. શૈલેન્દ્ર ની કલમ , સલિલ ચૌધરી નું સંગીત અને મુકેશજી અને લતાજી ના સ્વર નું આ ગીત આજેપણ કર્ણ પ્રિય છે, દિલિપ અને વૈજયંતી હવે એક બીજા વગર રહી શકતા નથી, અને પ્રેમ ની તડપ તેમને એક અગન લગાવે છે, જેમ કે, ' આ બિછુવા.. હાય રે.... બિછુવા ના ડંખ ની જે આગ છે તે કરતાં પણ પ્રેમ ની આગ હવે જવાળામુખી બનવા તરફ છે, અને એક અંધારી વરસાદી રાતમાં વૈજયંતી મળવા ના આવતા દિલિપ તેના ઘરે પહોચી જાય છે, વૈજયંતી ના પિતા જયંત તેને પડકારે છે, પણ બન્ને લગ્ન કરવા તૈયાર છે ત્યારે તે બન્ને ના પ્રેમ ને લીલી ઝંડી આપી દે છે, અને ટૂંક સમય માં લગ્ન નક્કી થાય છે, જયંત લગ્ન ની ખરીદી માં શહેર માં જાય છે, દિલિપ અને વૈજયંતી ના લગ્ન ની વાત પ્રાણ સુધી પહોંચે છે, અને તે દિલિપ ને ગામ ની બહાર શહેર માં મોકલી, એકલી વૈજયંતી ને જહોની દ્વારા ઝૂઠા સમાચાર કે દિલિપ ઘાયલ થયેલ છે કહી, હવેલી પર બોલાવી લે છે, અને તેના પર અત્યાચાર ની વર્ષા તે વરસાદી રાત માં શરૂ કરે છે, ફિલ્મ માં અહી સુધીજ વાત કરવા માં આવે છે, કારણ કે આગળ ના સીન કલાઈમૈકસ આવે છે, આપણે પણ અહી આગળ વૈજયંતી નું શું થયું તે આગળ વાત કરીશું.

દિલિપ અને જયંત વૈજયંતી ને શોધવા નીકળી પડે છે, પણ તે કયાંય મળતી નથી, હા.. વૈજયંતી નો અવાઝ દિલિપ ને સંભળાય છે, તેના ઝાંઝર નો અવાઝ તેના કાને પડે છે, તે પાગલ જેવો થઈ જાય છે, ત્યારે જહોની તેને કહે છે કે શરાબ ના નશા માં તે દિલિપ ના અકસ્માત ના સમાચાર જાણી વૈજયંતી ને હવેલી માં મૂકી આવ્યો હતો, અને પ્રાણ ના ગુંડાઓ એ તેને બહાર કરી દીધેલ હતો, દિલિપ પ્રાણ ને હવેલી માં પૂછવા જાય છે, અને પ્રેમ માં પાગલ દિલિપ પ્રાણ પર હુમલો કરે છે, પણ પ્રાણ ના બે ગુંડાઓ દિલિપ ને ઘાયલ કરી દે છે, (આજ ના ફિલ્મો જેવી અવાસ્તવિકતા ત્યારે ના હતી, કે એક હીરો આઠ દસ માણસો ને મારી શકે, ત્યારે ફિલ્મો માં વાસ્તવિક લડાઈ થતી, દિલિપ ને બે માણસો ઘાયલ કરી શકવા સમર્થ છે, તે અહી બતાવ્યુ છે). ઘાયલ દિલિપ ને વેરાન જગ્યા માં ફેકવા તિવારી જતો હોય છે, ત્યારે ત્યાં જયંત પહોંચી જાય છે, બન્ને વચ્ચે લડાઈ થાય છે, અને જહોની દિલિપ ને લઈ હોસ્પિટલ પહોંચાડે છે, દિલિપ સ્વસ્થ તો થાય છે, પણ શરીરથી, માનસિક રીતે તે વૈજયંતી ની યાદ માં ખોવાયેલ છે, ત્યારે એક દિવસ તે વૈજયંતી ની તસવીર બનાવી રહ્યો છે, અને તેને વૈજયંતી દેખાય છે.




દિલિપ તેને મધુ સમજે છે પણ તે મધુ નથી પણ, તે મધુ નહીં પણ તેની હમસકલ માધવી છે, પહેલા માધવી તેનો ભાઈ અને પોલીસ ઈન્સ્પેકટર જગદીશ દિલિપ ને દોષી માને છે, 'તુટે હુવે ખવાબો ને હમકો યે શિખાયા હૈ.. દિલ ને દિલ ને જિસે પાયા થા, આંખો ને ગવાયા હૈ... પણ દિલિપ મધુ ની યાદ માં બેચેન છે, માધવી જયારે જહોની પાસે થી દિલિપ ની વ્યથા સાંભળે છે તો તેઓ દિલિપ ને દયા ની દ્રષ્ટિ એ જુવે છે, માધવી દિલિપ ની માફી માંગવા આવે છે ત્યારેજ દિલિપ ને મધુ નો આત્મા દેખાય છે, અને તેને પ્રાણે મારી નાખી છે તેવું કહે છે, દિલિપ ઈન્સ્પેકટર જગદીશ ને પ્રાણ ને પકડવા માટે કહે છે, પણ જગદીશ તેને સબૂત ના હોવા થી તે મજબૂર છે તેવું કહે છે, તેવા માં માધવી ને એક નાટય પ્રસંગ માં દિલિપ ગામ ની યુવતી ના વેશ માં જુવે છે, અને તે માધવી, તેના ભાઈ અને ઈન્સપેકર જગદીશ ને, પ્રાણ સમક્ષ માધવી ને મધુ ના વસ્ત્રો માં રજૂ કરવા નું કહે છે, અને તેથી પ્રાણ જેણે મધુ ની હત્યા કરેલ છે, તે ગભરાઈ સત્ય જાહેર કરી દેશે તેવું કહે છે, દરેક ને આ વાત વ્યાજબી લાગે છે, અને દિલિપ ની મદદ કરવા તૈયાર થાય છે, રાતે આઠ વાગ્યે માધવી મધુના વસ્ત્રો માં પ્રાણ સમક્ષ આવશે તેવું નક્કી થાય છે, અને તે માટે દિલિપ પ્રાણ ને મળી તેની તસવીર બનવવા તેને બેસાડી દે છે.

રાતે આઠ વાગતા, હવેલીમાં અજીબ વાતાવરણ થઈ જાય છે, અને મધુ પ્રાણ સામે પ્રગટ થાય છે, દિલિપ એમ માને છે કે તે માધવી છે, પણ હકીકત માં તે મધ નો આત્મા છે,(મધુ ના હવેલી પહોચ્યા બાદ નું વર્ણન ફિલ્મ માં પણ અહી જ થાય છે), મધુ પ્રાણ પાસે તેણે મધુ પર બળજબરી કરી અને મધુ એ હવેલી ની રાંગ થી પડી આત્મ હત્યા કરી તે કબૂલ કરાવે છેઉ

પોલીસ ઈન્સ્પેકટર જગદીશ અગાઉ ના પ્લાન મુજબ ત્યાં હાજર છે, અને પ્રાણ ને મધુ ની હત્યા ના ગુનહા માં પકડી લે છે, પણ ત્યારબાદ દિલિપ ને સત્ય સમજાય છે કે માધવી ને આ બધુ ખ્યાલ ના હોય, તેણે તો માત્ર પ્રાણ સામે મધુ ના વેષ માં આવવાનું હતું, તો આ કેણ છે ? અને તે મધુ જ છે તે જાણતા દિલિપ અને દર્શકો ના રૂવાડા ઊભા થઈ જાય છે, આજેપણ આપ આ ફિલ્મ જોશો તો આ દ્રશ્ય માં આપ ના રૂવાડા ઊભા થઈ જસે, તેમાં બેમત નથી. અને ત્યારેજ માધવી ત્યાં આવે છે, અને કહે છે કે તેને આવતા થોડું મોડુ થયું, પણ મધુ એ તેની હત્યા નો બદલો લઈ લીધો છે, તે જાણી તે વિસ્મય માં મુકાઈ જાય છે, પ્રેત મધુ દિલિપ ને તેના તરફ ખેચે છે અને દિલિપ પણ હવેલી ની રાંગ થી જાન દઈ મધુ સાથે એક થઈ જાય છે.

પુનર્જન્મથી પરત આવતા દિલિપ એટલે કે દેવેન્દ્ર ને તેની પત્ની જે માતા બની પરત આવી છે તે રાધા વૈજયંતી જ છે, મધુ જ છે તેની પ્રિતીતિ થાય છે, અને બન્ને જનમોજનમ ના સાથી રૂપે એકબીજા ને ઓળખી લે છે. આ ફિલ્મની સફળતા પાછળ સંગીતની મહત્વ પણ વધુ હતું, સલિલ ચૌધરી ની આ અપ્રીતમ સફળતા હતી, તેમને બેસ્ટ સંગીતકાર નો એવાર્ડ અને આ વર્ષ થી બેસ્ટ ફિમેલ સિંગર ની એવાર્ડ લતાજી ને મળ્યો હતો, આમ લતાજી પહેલો મહિલા ગાયિકા નો પુરૂસ્કાર પ્રાપ્ત કરનાર ગાયિકા બન્યા હતા, ફિલ્મનું સંગીત ૧૯૫૮ ના વર્ષ નું સહુ થી સફળ સંગીત સાબિત થયું હતું, ફિલ્મ ના ગીતો બાદ માં લખાયા હતા, પણ સંગીત પહેલા તૈયાર કરવામાં આવ્યું હતું, આસામ નાચાં ના બગીચા માં ચા એકઠી કરતી યુવતી ના લોકગીત નો અહી સંગીત માં સમાવેશ કરાયો હતોઉ

ફિલ્મ માં કુલ ૧૧ ગીતો ને જોડવા માં આવ્યા હતા, જેમાં જહોની પર ફિલ્મવાયેલ. ગીત 'જંગલ મેં મોર નાચા કિસી ને ના દેખા, હમ જો થોડી પી કર ઝૂમે હાય રે સબ ને દેખા, જે રફી સાહેબ ના સ્વર માં છે, તે આજેપણ લોકપ્રિય છે, મુબારક બેગમ ના સ્વર માં ; "હમ હાલે દિલ સુનાયેંગે" પણ કર્ણ પ્રિય ગીતો ની યાદી માં આવે છે, મધુમતી ફિલ્મ ને આ વર્ષે સેથી વધુ ફિલ્મફેર એવાર્ડ મળ્યા હતા.

બેસ્ટ ફોરેન લેંગ્વજે ફિલ્મ સમારોહ માં સૂચિત થયેલ હતી, મધુમતી ના પુનર્જન્મ ની કથા ને સફળતા મળ્યા બાદ, હિન્દી સિનેમા માં આગળ જતાં આવી કહાની પર થી ફિલ્મો બની અને તે ફિલ્મો પણ સફળ રહી, જેની વાત આગળ કરતાં રહેશું.

આગામી અંકમાં ૧૯૫૯ની ફિલ્મો અને ૧૯૫૮ના વર્ષના ફિલ્મફેર એવાર્ડ સાથે મળીશું. આભાર.

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




ડો. ધીરજકુમાર વ્યાસ

મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)

બગસરા


**અદ્ભૂત આપણું મન મૃત્યુ પછી શું ? મૃત્માને બોલાવી શકાય ?**

ઘણા પુસ્તકોમાં સંપર્ક કરવાની વાતો છે. પરંતુ આવી વાતોમાં પડવું નહિ. કારણ કે આ માટે આપણું મન મજબુત ન હોય તો બીજા પ્રશ્નો થાય છે. હું સાયકોલોજીનો અભ્યાસ કરતો હતો. ત્યારે આવા પ્રયોગો વાંચવામાં આવ્યા હતા. વાંદરાનાં મગજનાં જુદાં જુદાં સેન્ટરો હળવા ઈલેકટ્રીક પ્રાણેથી ઉત્તેજીત કરીને વર્તન-પરિવર્તન થઈ શકતા હતા. ગુસ્સો, ભય, આનંદ વગેરે મગમાં કેન્દ્રો હોય છે. હવે તો આ પ્રયોગો માણસો ઉપર પણ થાય છે. હિપ્નોટીઝમ દ્વારા મનની સારવાર પણ થાય છે. હું ભાવનગર નેચરોપેથીમાં અભ્યાસ કરતો હતો ત્યારે વડોદરાનાં ડોકટરોની ટીમ આવી હતી. હિપ્નોટીઝમનાં પ્રયોગો બતાવ્યા હતા. આ ટીમનાં વડા ડો. ભાષ્કરભાઈ વ્યાસ(એમ.એસ.) હતા. હું તેમની બાજુમાં બેઠો હતો. હાજર-રહેલાં તમામ પ્રેક્ષકોને ટ્રાન્સમાં લઈ જવાનો પ્રયોગ કરેલો પણ મને અસર થઈ ન હતી. ડો. ભાષ્કરભાઈએ મને વડોદરા આવી હિપ્નોટીઝમ શીખવાની સલાહ આપી હતી. મને ખૂબ રસ હતો. પણ સંજોગોવશાત હું જઈ શકયો નહિ.

અહી જે મને થયેલા એક અનુભવની વાત લખવાની લાલચ થાય છે. આ અનુભવ મેં ૧૯૮૦-૮૧નાં વરસમાં નવનીત-સમર્પણમાં પ્રગટ થયેલો.

મારો પુત્ર અનિષને અસાધારણ આંચકી( કન્વર્ઝન) આવતી ત્યારે તે ખેંચ બંધ કરવા પેરાલ્ડીહાઈડનું ડોકટર ઈન્જેકશન આપતા અને થોડી જ વારમાં ગાઢ ઉંઘમાં શરીર સરી જતું. આંચકી બંધઈ જતી. આ પેરાલ્ડીહાઈડ ઈન્જેકશનની વાસ તેમના મોંમાંથી થોડો સમય આવતી ઈન્જેકશન આપે ત્યારે એમ્પ્યુલઝ તોડે ત્યારે પણ દવાની વાસ આવતી. ૨૧/૧/૧૯૭૯નાં રોજ તેમનું અવસાન થયું અને એમને ઘણો આઘાત લાગેલો. તેમના રોગ-વિશે તેની પરિસ્થિતિનું તીવ્ર સ્મરણ રહેતું-લગભગ એક-મહિના પછી હું ઘરે પાછો ફર્યો એક સાંજે ઘર આખામાં પેરાલ્ડીહાઈડની તીવ્ર વાસ બધાને આવતી હતી. ઘરમાં ચારે બાજુ અન્ય ઓરડામાં અને ઉપર એ રૂમમાં હું જોઈ આવ્યો કે પેરાલ્ડીહાઈડની શીશી ફૂટી ગઈ છે કે શું ? પરંતુ આશિષનાં મૃત્ય પછી અમે બધી દવા ફેંકી દીધી હતી. કશું જ મળ્યું નહિ.

અડધી કલાક પછી દવાની વાસ આવતી બંધ થઈ ગઈ. અમે બધાં આશ્ચર્યમાં પડી ગયા કે આમ કેમ થયું ? હું કોઈ અંધશ્રધ્ધામાં કે ચમત્કારમાં માનતો નથી. તીવ્ર સ્મૃતિ, જનારની સતત યાદને લીધે આમ થયું હશે તેમ કહ્યું. પરંતુ મારા મનનું સમાધાન થયું નહી. આખો પ્રસંગ મેં લખીને નવનીત માસિકમાં તે વખતે મોકલેલ તે છપાયો હતો. આજે પણ મને આ ઘટનાનો ખુલાસો થયો નથી. એટલે જ આવી બાબતોમાં રસ લઈ લખું છું. રુદનથી કે તીવ્ર સ્મરણથી આવું બનતું હોય છે. ઈશા-કુંદનિકા બહેનનાં આ અંત વેળ ાએ આવી ઘટના લખી છે : ''શ્રી ઈન્દિરા ગાંધીની હત્યા થઈ ત્યારે તેમના નિકટનાં મિત્ર શ્રી યુયુલ જયકર ઘણાં જ વ્યથિત થયેલાં આખા દિવસની દોડધામ પછી સાંજે તેઓ ઘેર આવ્યા ત્યારે શ્રી જે. કૃષ્ણમૂર્તિ જેઓ યુયુલ બહેનનાં ઘરે મહેમાન તરીકે ઉતરેલા હતા. તેમણે યુયુલજીને કહેલું : ''એમને પાછાં ખેંચવાની કોશિષ કરશો નહિ.''(ડોન્ટ ટ્રાય ટુ પુલ હર બેક)

આવી અસાધારણ ઘટનાઓ ઈતિહાસમાં નોંધાયેલી છે. એને કોઈ રીતે સમજાવી ન શકાય. આવી ઘટનાઓ અને અલૌકિક ઘટનાઓ પરમહંસ સ્વામી યોગાનંદજીનાં પુસ્તક ''ઓટબાયોગ્રાફી ઓફ એ યોગી'' પુસ્તકમાં પણ જોવા મળે છે. સ્વામી યોગાનંદજી પાંચ વરસનાં હતા ત્યારે એના પિતાને કહેલું કે મારી માતા મને બોલાવે છે- તે મૃત્યુની નજીક છે. તેમના પિતાએ તેમની વાત સપનાની માની અને ઘરે આવ્યા ત્યારે ખરેખર મુકુંદ ઘોષની માતા મૃત્યુ પામ્યા હતા.

રાંચીમાં એક બોર્ડીંગમાં સંચાલક હતા. ત્યારે તેમને દિલ્હી જવાનુ થતાં એક છોકરાને આજે બહાર નહિ જવા જણાવ્યું હતું. પરંતુ એ છોકરો બહાર ગયો અને અકસ્માતમાં તેમનું મૃત્યું થઈ ગયું. ઘણી ઘટનાઓ એવી છે કે આપણી સામાન્ય બુદ્દિમાં ન સમજાય. આવી જ એક ઘટના આ પુસ્તકમાં છે તે પણ જાણવા જેવી છે. લેખિકાના જ શબ્દોમાં : આવી જ બીજી એક ઘટના નજીકનાં ભૂતકાળ માં અને નજીકનાં સંબંધમાં બનેલી એક સમયના મુંબઈની સિડનહામ કોલેજનાં પ્રિન્સિપાલ અને જાણીતા અર્થશાસ્ત્રી પ્રો. કે.ટી. મરચન્ટ તેમના છેલ્લા દિવસોમાં એકલા રહેતા હતા. સાથે કિશોર વયનો એક છોકરો મદદ માટે રહેતો હતો. પ્રો. મરચન્ટનું અડધી રાતે અવસાન થયું. આ પછી કેટલાક વખતે તેઓ રાતે આવ્યા અને પોતાનું કેવી રીતે અવસાન થયું હતું. કયાં ખંડમાં, કયાં પલંગ પર તેઓ સૂતા હતા. છોકરાને તેમણે કેવી રીતે બોલાવ્યો વગેરે પૂરી વિગતો માત્ર કહી નહિ પણ દ્રશ્યરૂપે શ્રી મકરંદભાઈને દેખાડી. આવું શી રીતે અને શા માટે બને છે તેનો કોઈ ખુલાસો નથી.

મૃત્યુનાં સમયે શરીરને કેટલી પીડા થશે એ ભયથી મૃત્યુ વિશે બિહામણી કલ્પના હોય છે. પરંતુ જો આપણે ભયના કારણે માનીએ છીએ તેવું અને પીડાવાળું મૃત્યું હોતું નથી. સગા-સ્વજનોની દ્રષ્ટિએ આ ઘટના ઘણી દુ:ખદાયક હોવા છતાં જનાર વ્યકિત શાંતિથી મુકત થાય છે. રોગગ્રસ્ત, વયને લીધે જીર્ણ દેહને છોડી આત્મા મુકિતનો અનુભવ કરતો હશે. આપણે ત્યાં મૃત્યુને અશુભ ઘટના ગણાવાય છે.

ખરેખર તો જીવન એવું સુંદર હોવું જોઈએ કે સૌને છોડતાં જરાપણ અફસોસ થવો જોઈએ નહિ. અંતઘડી અચાનક આવે છે એટલે અગાઉ બધા વ્યવહારો, સૂચનાઓ આપી બધું સુખેથી છોડતા જવું જોઈએ.

# સમજણ એ જ નારાયણ

**''પરમને પામવા શરણું જ પૂરતું છે પ્રતીક્ષાનું, વરસ, મહિના, દિવસ કે ક્ષણ બધું મિથ્યા છે-છોડી દે.''**

**- ભાર્ગવ ઠાકર**

પૂ. શાહબુદ્દીનભાઈ રાઠોડ પ્રતિક્ષાનું મૂલ્ય સમજાવતા એક સુંદર દ્રષ્ટાંત આપતાં કહે છે કે, ''એક વખત સંગીતકાર નૌશાદ સાહેબને સંગીત ક્ષેત્રનો એવોર્ડ એનાયત કરવા માટે ઓબેરોય હોટલ મુંબઈ ખાતે સમારંભનું આયોજન થયું.

તારીખ, વાર, સ્થળ, સમય બધું જ નિશ્ચિત કરીને આમંત્રણો અપાયાં. નૌશાદ સાહેબ પોતે સમયસર સમારંભ સ્થળે પહોંચવા ઘરેથી નીકળ્યા. પણ ટ્રાફિકનાં હિસાબે હોટેલનો સામનો રોડક્રોસ કરવામાં તેઓ સ્થળે મોડા પહોંચ્યા.




યોગેશ ભટ્ટ

(બી.એ.એલ.એલ.બી.)

મો. ૯૯૨૪૦૧૩૪૬૪ - અમરેલી


ત્યારે ઘણાં લોકોએ ટકોર કરી કે નૌશાદજી તમે આ એવોર્ડની ટ્રોફી સુધી પહોંચવામાં પચ્ચીસ મીનીટની વાર લગાડી દીધી છે.

ત્યારે નૌશાદે આ કોમેન્ટનો જવાબ આપતાં કહ્યું કે, '' જનાબ આ ટ્રોફી સુધી(એવોર્ડ સુધી) પહોંચતા મને પચ્ચીસ મિનીટ નહીં પણ પચ્ચીસ વર્ષ થયા છે. ત્યારે તેની પાસે પહોંચી શકયો છું !!

અહિંયા વાત એક નિશ્ચિત સફળતા સુધી પહોંચવા માટે જો આટલું પેશન ધૈર્ય અને એકાગ્રતા રાખવી પડતી હોય તો કલ્પના કરો કે પરમને પામવા કેટલી પ્રતીક્ષા કરવી પડે ?! કદાચ અનેક જન્મારા પણ રાહ જોવી પડેને ?!

શબરી, અહલ્યા, ઉર્મિલા... આ રામાયણનાં આ બધાં પાત્રોની પ્રતીક્ષાની કક્ષા કેટલી ઉચ્ચતમ, દિવ્ય અને હૃદય સ્પર્શી છે. ત્યારે જ તેઓ પરમને પામી શકયાં છે.

શબરીને બાળપણમાં તેમના ગુરૂએ કહેલું કે, ''દશરથનંદન ભગવાન શ્રીરામ તને તારી કુટીયાએ મળવા આવશે. આ એક વાતને જ જીવનનું લક્ષ્ય માની લઈ, શબરીએ જન્મારો કાઢી નાખ્યો. પ્રતીક્ષા જ તેની પથદર્શક બની રહી અને છેલ્લે... વૃધ્ધાવસ્થામાં તેમના ઘરે રામ પધાર્યા છે. અહલ્યાને મળેલા શાપનું નિવારણ તો જન્મોની પ્રતીક્ષા પછી થઈ શકયું.

રામની સાથે ચૌદ વર્ષ વનવાસ સ્વીકારનાર લક્ષ્મણજીની પ્રતીક્ષા તેમનાં પત્ની(ઉર્મિલાજી)એ ચૌદ વર્ષ સુધી જાણીને કરી છે.

અરે મહાદેવજીને પ્રાપ્ત કરવા માતા પાર્વતીએ યુગોની સાધના અને તપ, પ્રતીક્ષા કરેલી છે. આ પ્રતીક્ષા જ પરમને પામવાનો પથ અને પાથેય બની રહી છે. ટૂંકમાં જીવનમાં કશુ જ તરત મળતું નથી.(અને જો મળી જાય તો પછી ટકતું નથી.) બધું તરત જ મેળવી લેવા તલપાપડ રહેતી નવી જનરેશને આ વાત કાયમ યાદ રાખવી.

**-: સ્પાર્ક :-**

**''મિશાલ બનવું હોય તો, મશાલ બનવું પડે !''**

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ-૨૭

### હાઈ બ્લડ પ્રેશર ભાગ – ૭

ગતસપ્તાહ આપણે હાઈબ્લડપ્રેશરને કંટ્રોલમાં રાખવા માટે શું કાળજી રાખવી તેની ચર્ચા કરી, ગળાકાપ હરીફાઈના અને ઝડપી યુગમાં બ્લડપ્રેશરને કાબુ માં રાખવા માટે સૌથી વધુ અગત્યની બાબત માનસિક તણાવની છે, વ્યર્થ દોડાદોડી, સમય ના આયોજનના અભાવ, અવાજ અને ગીચતા વચ્ચે જીવતા દરેક માણસે અને ખાસ તો હાઈબ્લડપ્રેશરના દર્દીઓએ તણાવ–મુકત રહેવાની રીતો શીખી લેવી જોઈએ. ધ્યાન, યોગાસન, પ્રાણાયામ, બાયોફીડબેક કે સાઈકોથેરાપીની મદદથી માનસિક શાંતિ મેળવી શકાય અને એમાંય કોઈક ફાવતી પધ્ધતિ જીવનનો એક રૂટીન ભાગ બની જવી જોઈએ જેથી નિયમિતપણે રોજિંદી ઘટમાળમાંથી થોડોક સમય માનસિક શાંતિ અને સ્વસ્થતા પાછળ જાય. આ બધી પધ્ધતિઓ સિવાય પણ જો માણસ ચાલુ કામકાજમાંથી થોડોક સમય પોતાને મનગમતી પ્રવૃતિ કરવા પાછળ કાઢી લે તો માનસિક તણાવ ઘટી જાય છે. આવી પ્રવૃત્તિમાં ગીત–સંગીતથી માંડીને રમત–ગમત સુધીની કોઈપણ પ્રવૃત્તિ થઈ શકે.

આજના યુગમાં કાયમી ચિંતા સર્વત્ર જોવા મળે છે. ઘણા લોકોનું મન સતત અન્યના વિચારો, અઘાત–પ્રત્યાઘાતમાં ખુંપેલું રહે છે. એક વસ્તુના વિચારો અને ચિંતા કર્યા પછી એનું સુખદ પરિણામ આવે કે તરત જ બીજી વસ્તુના વિચારો–ચિંતા શરૂ થઈ જાય છે. છોકરી પરણે એટલે ચિંતા જતી રહેશે 'માનનાર માતા' છોકરી પરણ્યા પછી સુખી તો હશે ને ! 'છોકરી હજી કેમ મા નથી બની ? 'છોકરી સગર્ભાવસ્થામાં બરાબર સાચવતી હશેને ? છોકરીનો છોકરો કેવો થશે ?, 'છોકરો થશે કે છોકરી ? 'છોકરી કેમ હમણા ફોન નથી કરતી ? વગેરે અસંખ્ય વિચારો અને ચિંતાઓમાં મન ઘેરાયેલું જ રહે છે. આવી વ્યકિતઓને વિચારો અને ચિંતા કરવાનું વ્યસન થઈ ગયું હોય છે.



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

<u>એક ચિંતાનું કારણ પુરૂ થાય એટલે વ્યસની મન તરત જ ચિંતા–વિચાર કરવા માટે નવો મુદ્દો શોધી જ કાઢે છે.</u>

ચિંતા – વિચારો કર્યા કરવાથી કશું કામ સરખું થતું નથી. આનંદ અને સુખમય બાબતો પણ સુખ અને શાંતિ નથી આપતી. બીજાઓ સાથે વાતચીત કરવામાં પણ પુરતું ધ્યાન નથી રહેતું. વિચારો પાછળ દોરવાયા કરતા મનની કાર્યક્ષમતા ઘટી જાય છે. બેધ્યાન વાતચીત અને પ્રુષ્ઠ્ભુમાં રહેલી રહેલી ચિંતાઓથી ન બોલવાનું બોલાઈ જાય છે. અને ઝઘડો શરૂ થાય છે, જે વળી નવી ચિંતાનું કારણ બને છે. જે રીતે વધુ વિચારો કર્યા કરનાર વ્યકિતથી શાંતિ દુર જતી જાય છે એ જ રીતે વધુ પડતી લાગણીઓના વહેણમાં તણાયા કરતી વ્યકિતથી પણ માનસિક શાંતિ દુર જવા માંડે છે. લાગણીઓ અને ખાસ કરીને નકારાત્મક લાગણીઓનો અતિરેક માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે જોખમકારક છે. વારંવાર, નાની નાની બાબતોમાં ગુસ્સે થઈ જવું, નાની અમથી વાતમાં રડી પડવુ, ઈર્ષ્યા કરવી, નાની અમથી ભુલ માટે અપરાધભાવ રહેવો.. વગેરે અનેક ઉદાહરણો લાગણીઓનો અતિરેક દર્શાવે છે. આ બધાથી ન તો વ્યકિતને, ન એની આસપાસની વ્યકિતઓને કે સમાજને કોઈ ફાયદો થાય છે. ઉલ્ટું, સબંધોમાં સંવાદને બદલે વિસંવાદ આવવા લાગે છે વારંવાર ગુસ્સે થનાર વ્યકિતથી બધા વિમુખ થવા લાગે છે અને વ્યકિત એકલતા અને વધુ ગુસ્સો કે નિરાશા અનુભવે છે.

કેટલાક લોકો પોતાની માનસિક અશાંતિ – ક્રોધ – દુઃખ – ચિંતા વગેરે માટે બીજાને દોષી ઠેરવતા હોય છે. મોટા ભાગના લોકોની દલીલ એવી હોય છે કે પેલા માણસે આમ કર્યુ એટલે મને ગુસ્સો આવ્યો કે દુઃખ થયું વગેરે. જો એણે આમ ન કર્યુ હોત તો કંઈ તકલીફ નહોતી. માની લઈએ કે આ વાત એકદમ સાચી છે. એક વ્યકિતએ ખરાબ કામ કર્યુ એટલે બીજી વ્યકિત દુઃખી કે વ્યથિત છે. હવે, જો દુઃખી થનાર વ્યકિતને કહેવામાં કહેવામાં આવે કે બીજી વ્યકિત કંઈપણ કરે તારે વ્યથિત નહી થવાનું તો પણ એ વ્યકિત વ્યથિત થયા વગર રહી શકતી નથી. એટલે કે માત્ર બીજી વ્યકિત જ નહી પણ આપણું પોતાનું મન પણ આપણા કાબુમાં રહેતુ નથી.

દરેક વ્યકિતએ આ સિધ્ધાંત ખાસ શીખી લેવો જરૂરી છે કે જો આપણે આપણા મનને દુઃખી કે વ્યથિત થવાની ના પાડીએ તે છતાં તે વ્યથિત થઈ જાય છે–જો આપણું મન આપણા કહ્યામાં નથી રહેતું તો અન્ય વ્યકિત કે એનું મન આપણા કહ્યામાં કઈ રીતે રહી શકે ? આ સમાજ કે વિશ્વમાં આપણો કાબુ આપણા પોતાના મન પર પણ નથી તો બીજી વ્યકિત આપણું ધાર્યુ જ કરશે એવી અપેક્ષા પણ રાખવી એ મુર્ખામી છે. <u>તમે કાયમી દુઃખી હો તો એ તમારા મનને કારણે છો બીજાના કંઈક કરવા કે ન કરવાથી તમારા કાયમી સુખ–દૂઃખ નિશ્ચિત નથી થતાં અને ન જ થવા જોઈએ. તમારૂં મન તમને શાશ્વત શાંતિ અને સુખથી છેટા રાખે છે. શાશ્વત સુખ અને શાંતિ મનને કાયમ મળતી રહે એ માટે એને કેળવવું જરૂરી છે. ધ્યાનના નિયમિત અભ્યાસથી મનને કેળવી શકાય છે</u> જેથી એ તમારી અને શાશ્વત શાંતિની વચ્ચે અવરોધ ન ઉભા કરે. ક્ષુલ્લક બાબતો અને દુર્ગુણોથી ઉપર ઉઠવાનું છે – તો જ તમારા માનવીય ગુણો અને શકિતઓ સાચો વિકાસ અને ઉન્નતિ પામશે. સુખની ટેવ પાડો.

ચિંતા કરવાથી આખા શરીરમાં ઠેકઠેકાણે નુકશાન થયા કરે છે. પેટમાં એસિડ બનવાની પ્રક્રિયા વધી જાય છે જેને કારણે હાઈપર એસીડીટી અને પેટમાં ચાંદા (અલ્સર) થવાની શકયતા રહે છે. આ ઉપરાંત, બ્લડપ્રેશર વધી જાય છે જે લાંબા ગાળે મગજ, આંખો, કિડની અને હૃદયને ભારે નુકશાન પહોચડે છે. ચિંતા કરવાથી હૃદયના ધબકારા વધી જાય છે અને હાર્ટ એટેક આવી શકે છે. <u>"જેમને ચિંતાને ખાળતા નથી આવડતું એની ચિંતા વહેલી તૈયાર થાય છે."</u> આ વાકય તબીબી સંશોધન ક્ષેત્રે નોબલ પુરસ્કાર વિજેતા ડો. એલાડવીસ કારેલનું છે. દરેક ચિંતાતુર વ્યકિતએ કાયમ માટે આ વાકય એના મનમાં મઢાવી રાખવું અને ચિંતાની શરૂઆત કરતા પહેલા આ વાકયનું સ્મરણ કરી લેવું જોઈએ. ચિંતાનું મુળ કારણ ભય હોય છે.મૃત્યુનો ભય, અસ્તિત્વનો ભય, નોકરી છુટવાનો ભય, કુટુંબીજન ગુમાવવાનો ભય, પૈસા ગુમાવવાનો ભય, કામ બગડવાનો ભય, અજાણ્યો ભય, એકલતાનો ભય વગેરે અનેક પ્રકારના ભય ચિંતાને જન્મ આપે છે. ચિંતા કરવાથી કદી કોઈ કામ સુધરતું નથી ઉલ્ટુ બગડે છે.

આવતા સપ્તાહે ચિંતા ઓછી કરવા માટેના સરળ પગથિયા અને ઉપાયોની ચર્ચા કરીશુ...(ક્રમશઃ)

<u>મર્મ બિંદુ :</u> મનના ગુણો (શાંતી, આનંદ, પ્રસન્નતા)ની કબજીયાતનું કારણ અતીવિચાર છે.

# રામ ચરિત શત કોટિ મહ, લિય મહેશ જીય જાનિ ।

# અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
**મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)**
**સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી**
**(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)**



સાથે થોડો દૂર ઉતારો આપ્યો. મને પોતાની પાસે બીજા બહેનો સાથે રાખી. મારા મનનાં વિચાર આવતો હતો કે મને કેમ બોલાવી હશે ? કારણ તે સમયમાં મારા સંબંધ વિશેની વાતચીત ચાલતીહતી. મને આવી વાતો ન ગમતી. એકાંત જગ્યામાં રામના લેખન પસંદ કરતી.

બીજે દિવસે સવારે પ્રણામ કરવા જતા "રમા સબકો કરો ક્ષમા" બોલીને ભગવાને એક બહેનને કહયું, "લકડી સુંદર હૈ, સુશીલ હૈ પરંતુ કયા કરું ' લગ્ન કે લિયે મના કરતી હૈ." આ વાત મને લગતી હોવાથી પ્રણામ કરી ત્યાંથી ઉઠી થઈ. ભગવાને કહયું, "ઐ, કહાં જાતી હો ? બૈઠો." એટલામાં તો ભગવાન ભોજન માટે પધાર્યા. નિત્ય સવારે નવ વાગે અને સાંજના ચાર વાગ્યાની આસપાસના સમયે ભગવાન ભોજન લેતા. આખો દિવસ હુ મારા રૂમમાં મારો નિયમ કરતી રહેતી. સંધ્યા સમયે પ્રણામ કરવા જતા ભગવાના રૂમનો દરવાજો બંધ હતો. જયપુરવાળા હરિયાણીભાઈ અંદર છે. એવી વાત સાંભળી મન વિચારે ચડયું. મારા વિશે શું વાતો ચાલતી હશે ? એટલામાં રૂમનો દરવાજો ખુલ્યો. ભગવાનના આદેશથી હું અંદર ગઈ. બાપુને બહાર મોકલી દરવાજો બંધ કર્યો.

મને પૂછયું, "રમ, તુમ શાદી નહીં કરોગી ?" મેં ના જણાવી. ફરી પૂછયું, "કભી નહીં ?" ત્રીજીવાર પૂછયું. "બિલકુલ નહીં ?" ત્યારે મેં કહયું, ભગવાન, તે બાબત આપની આજ્ઞા હોય તો મારે કંઈ બોલવાનું રહેતુ નથી. પરંતુ મારી ઈચ્છા પૂછો તો "ના" તો કહયું., "રમા, તુઝે માલુમ હૈ ? લગ્ન યાને કયાં ?" હું કાંઈ બોલી નહી. આગળ બોલ્યા, "દેખો, મૈં તુમ્હેં સમજાતા હું લગ્ન યાને કિસી ભી વ્યકિત યા વસ્તુ સે લગન લગાના યા લગની લગાના. ઉસીકા નામ લગ્ન. યદિ ઈશ્વરસે લગન લગતા હૈ તો જીવકા ઈશ્વરકે સાથે લગ્ન હોતા હૈ ઔર યોગ ઐસા હો કિ ફિર કભી વિયો ન હો. તુમ ભગવાન કો કિસ ભાવસે ચાહતી હો ?" ત્યારે ભાવ એટલે શું એનું ભાન ન હતું. બાપુજીને પૂછીને જવાબ આપીશ તે વિચારે સહજે કહેવાઈ ગયુ."સોલહ તારીખકો બતાઉગી." મારો જવાબ સાંભળી ભગવાન ખુબ જ હસી પડયા.

ભગવાને પ્રસન્નતાથી કહયું, "અચ્છા, તો આજ મૈં પુરુષોત્તમભાઈ સે તુમ્હેં માંગ લૂં ?" આ સાંભળતા અત્યંત ખુશી સાથે મેં કહયું, "ભલે." તો કહયું. "પુરૂષોત્તમભાઈ કો બુલા દો." બાપુજીને બોલાવ્યા અને મને પાણી લેવા મોકલી. પાણી લઈને આવી ત્યારે ભગવાન કહેતા હતા.

"દેખો પુરૂષોત્તમભાઈ, તુમ તો સમુદ્ર હો. માલૂમ હૈ ના સમુદ્રમંથન, કે સમય ઉસમેં સે ચૌદહ રત્ન નિકલે થે જિસમેં વિષ ભી થા ઔર અમૃત ભી થા, કૌસ્તુભમણિ ભી થા ઔર લક્ષ્મીજી ભી. તુમારે છઃ લડકે ઔર ઉનકી છઃ બહુ ઔર દો લડકિયા ચૌદહ હુયે ના ? ઉસમેં સે કોઈ લડકા અમૃત જૈસા તો કોઈ જહર જૈસા હોવે તો ઉસકા હર્ષ શોક કરના નહીં ઔર રમા યાને લક્ષ્મી વહ ભગવાન કી હી હોતી હૈ તો આજ રમાકો મુઝે સૌંપ દો." બાપુજી સજળ નયને ગદ્ગદ થઈ બોલ્યા. "ભલે ભગવાન, મેરે ઐસે સદ્ભાગ્ય કહાંસે ?"

સુંદર સુજાન કૃપાનિધાન,
અનાથ પર કર પ્રીતિ જો,
સો એક રામ અકામહિત,
નિર્વાણપ્રદ સમ આનકો.

ભગવાને મારા જમણા હાથમાં જળ લેવડાવ્યું અને કહયું, "તુમ પિતાજી કે હાથમેં જલ દે દો." પછી બાપુજીને કહયું, "અબ તુમ સંકલ્પ કરો કિ આજસે રમાકો તુમ મુઝે સૌંપ રહે હો." બાપુજીએ તે પ્રમાણે ભગવાનની અનુમતિથી સંકલ્પ સાથે તે જળ ભગવાનના હાથમાં આપ્યું. ત્યાર બાદ ભગવાને કહયું, "અબ કભી ભી રમાકો મેરે પાસ આનેસે રોકના નહીં ઔર ધાર્મિક સિનેમા ભી ઉસે દિખાના નહી. ભલે અબ તુમ જાઓ. મૈં રમાકે સંસ્કાર કર દેતા હું." ભગવાનને યોગ્ય લાગ્યું તે પ્રમાણે સંસ્કાર કરી કહયું. "આજ તમરી આત્મસમર્પણ દીક્ષા હો ગઈ. ભજન ખુબ કરના. કલ સુબહ બુલાઉંગા ઔર આગે સમજાઉંગા." ત્યાર બાદ જવા કહયું. આ રીતે ૧૨ જાન્યુઆરી ૧૯૬૨ નો આ શુભ દિવસ મારા જીવનમાં ચિરસ્મરણીય બની ગયો. હવે તો મનનો ભાર ઉતરતા શાંતિપૂર્વક ભજનમાં ઉત્સાહ વધવો સ્વાભાવિક હતો.

અબ સૌંપ દિયા ઈસ
જીવનકા સબ ભાર તુમ્હારે ચરણોંમેં,
એક આશ્રય મનમેં ધાર
લિયા, ભગવાન આપકે ચરણોંમેં,
ઉત્તમ મધ્યમ યા નીચ હું
મૈં, લઘુતા કિ મુઝકો ફિક્ર નહી,
અબ તો મૈંને સિર ડાર
દિયા, ભગવાન આપકે ચરણોમેં,
છઃ શાસ્ત્ર અઠારહ
પુરાણોમેં, ગીતા સુરતીમેં કયોં અટકું,
સારે ગ્રંથોકા સાર લિયા,
ભગવાન આપકે ચરણોમેં.
કાશી પ્રયાગ યા હરિદ્વાર,
મથુરા ગોકુલ મેં કયોં જાઉં,
એક તીરથ અબ સ્વીકાર
કિયા, ભગવાન આપકે ચરણોંમેં,
બન પર્વત બદ્રીકેદારનાથ,
મંદિર આશ્રમમેં કયોં ભટકું,
પૂજા ઘર એક વિચાર લિયા,
ભગવાન આપકે ચરોણંમેં,
મૈં પતિત હું તુમ
પતિતપાવન, મૈં સેવક તુમ સ્વામી હો,
મૈંને તો આસન ડાર દિયા,
ભગવાન આપકે ચરોણંમેં,
અબ સૌંપ દિયા ઈસ
જીવનકા, સબ ભાર તુમ્હારે ચરણોંમેં.

**(૨૭)**

**કૃપાસિંધુ સેવક મનરંજન**

નિત્ય નિયમ પ્રમાણે વહેલી સવારે માળા કરતી હતી એટલામાં એક બહેન આવી પૂછી ગયા, "માળા થઈ ગઈ ?" ના જણાવતા કહયું, "પૂરી થતાં આવજે તને ભગવાન યાદ કરે છે." તે વખતે ભગવાન પણ નિત્ય સવારે નિયમમાં બેસતા. ભગવાન પાસે જવાની તાલાવેલી કરતા નિયમ પૂરો કરવાનું મહત્વ મારે મન વધારે હતું. લગભગ સાડા છ વાગે થોડી માળા પૂરી કરી દર્શને ગઈ. દરવાજો બંધ હતો. બહાર પ્રણામ કરતા એક બહેન બોલ્યા, "તમે અંદર જાવ, ભગવાન તમને બોલાવે છે." ભગરાતા ધીરેથી દરવાજો ખોલ્યો. મંદ હાસ્ય સાથે પ્રેમથી આવકાર આપી પાસે બેસાડી. ભગવાને નાના અજ્ઞાન અબુધ બાળકને સમજાવવાની રીતે મારા હાથ પર હાથ ફેરવતા કહયું, "રમા યહ કયાં હૈ ? "ચામડી" "અચ્છા ઈસકોકાટો તો કયા નિકલેગા ?" મેં કહયું, "ખુન" "ઔર ?" "કુછ ભી નહીં." જવબ આપતા આગળ ભગવાને કહયું, ""બસ યહી ના ? દેખો, ઈસ નશ્વર શરીરસે મોહ નહી કરના. સબકે શરીરમેં યહી ભરા હુઆ હૈ. બસ ઉપરસે ચમડીરૂપી કપડા સી દિયા ગયા હૈ. ખુબ ભજન કરના ઔર જીવન સફળ બનાના." એટલું કહી જવા રજા આપી. ફરી રૂમમાં આવી હું મારા નિયમમાં બેસી ગઈ.

સવારે લગભગ દસેક વાગે ભગવાન પાસે જતા જોયું તો મનહરભાઈ ભગવાન પાસે રડતા હતા અને ભગવાન બોલ્યા, "કહાં ગયે હરિયાણી ? સબકે સામને અભી ઉસકી આબરૂ લે લેતા હું, અમારે મનહરકો ઈતના દુઃખી કર દિયા ?" મને ખ્યાલ નહીં કે આ તો પ્રેમનો ઝઘડો છે. મનહરભાઈ ધીરૂભાઈ પ્રત્યે ખુબ જ પ્રેમ લાગણી રાખતા. તેમણે ધીરૂભાઈને ગંગોત્રી–જમનોત્રી યાત્રાના ખર્ચ નિમિત્ત રૂા. ત્રણસો મોકલ્યા હશે અને ઘરમાં કોઈને જણાવવા ના લખી હશે. બાપુજીના સંસ્કારોથી દરેક ભાઈ બહેનોમાં કોઈનું પણ કંઈ લેવું નહીં, ગમે તે પરિસ્થિતિમાં સહન કરીને રહેવું. આવી દ્રઢ ભાવના છે. આવા સ્વભાવથી આ વાતની જાણ બાપુજીને કરી. બાપુજી સાથે ત્રણસો રૂપિયા પાછા મોકલેલા, બાપુજીએ પ્રેમપૂર્વક સમજાવી મનહરભાઈને આ પૈસા પાછા આપયા. તેમને અતિશય દુઃખ એ થયું કે ધીરૂભાઈએ મારી લાગણીને ઠુકરાવી મારી સાથે વિશ્વાસઘાત કરી બાપુની શા માટે જણાવ્યું ? મનહરભાઈએ આ વિગત ભગવાને જણાવી ભગવાને તે પૈસા લઈ પોતાની પાસે રાખી તેમને શાંત કર્યા.

સાંજના પાંચેક વાગ્યાના સમયે ભગવાન ખૂબ ભીડની વચ્ચે મંડપમાં પધાર્યા. ભાવિક ગ્રામવાસીઓએ ભગવાનને તેડી લીધા. સમૂહમાંથી પસાર થતા એક વૃધ્ધ માજી પાસે ભગવાન ઉભા રહી ગયા. તેમણે પ્રણામ કરતા ધ્રુજતા હાથે સાડલાના છેડાની ગાંઠ ખોલી. ભગવાને કહયું, "હાં, માં, લાવ મોર રૂપૈયા દે દો." ત્યાંના રિવાજ પ્રમાણે ત્યાંની જનતા ભગવાનના ચરણોમાં એક રૂપિયો ધરાવતી. તેઓના ભાવ પ્રમાણે સામે ચાલી બધાનો રૂપિયો સ્વીકારતા અને કોઈ પ્રેમ ભાવાવેશ કે ઉતાવળમાં ભૂલી જાય તો સામેથી કહેતા, "અરે મોર રૂપૈયા તો દો."

બેદ બચન મુનિ મન
અગમ, તે પ્રભુ કરૂણાઐન
બચન કિરાતનકે
સુનત, જિમિ પિતુ બલક બૈન.

કોઈ બે થી પાંચ રૂપિયાની નોટ ધરાવતા તો પાછી આપતા ભગવાન બોલતા, "અરે ઈતના નાહીં હો. મોર ફીસ એક રૂપૈયા આહે." ભગવાને એકવાર કહેલુ, "બરધ્વાન સ્ટેટ કે રાજાને એકબાર બહુત **(ક્રમશઃ)**

# "સંતોષ એટલે સમાપન"

## "શકયતા, સક્ષમતા અને સફળતાનું"

**ઘણા લોકો કહેતા હોય છે કે, 'સંતોષ વગર સુખ મળતું નથી'**

અથવા તો 'સંતોષ એ જ સુખનું મૂળ છે'. જોકે, આ વાત અમુક રીતે, અમુક બાબતમાં સાચી હશે ! છતાં પણ પૂર્ણતઃ તો નહીં જ. કારણ કે, આવું કહેનારા લોકો લગભગ 'જે મળે એમાં સંતોષ' માની લઈ પોતાની પ્રતિભાને રૂંધી નાખે છે. એ લોકો પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવા જ નથી માંગતા હોતા. જે 'જેમ છે તેમ સ્વીકારી લેવું' એ જ માત્ર વિકલ્પ હોય છે એમની પાસે. પોતાના પ્રમાદને સંતોષનું નામ આપી ખુશ થઈ જવાનું. રોજિંદા જીવનમાં પણ જે લોકો 'જે મળે તેમાં સંતોષ' માની લે છે તે સ્વવિકાસ તરફ આગળ નથી વધી શકતા. શું કોઈ વ્યકિતનો પગાર ૧૦,૦૦૦ છે તો એ બીજાવર્ષમાં ૧૫,૦૦૦ થાય એવા પ્રયત્નો કરી વધુ મહેનત નહી કરે ? તમારો અસંતોષ જ તમને, તમારી જાતને, તમારા કામને વધુને વધુ ઈમ્પ્રૂવ કરવાની પ્રેરણા આપે છે. દરેક માણસ પછી તે સાવ સામાન્ય મજૂર હોય કે કરોડપતિ બિઝનેસમેન દરેકને પોતાની જીવનશૈલી, સામાજિક પ્રતિષ્ઠા કે પ્રતિભાને જે સ્તરે હોય તેનાથી એક લેવલ ઉપર લઈ જવાની ઈચ્છા કાયમ રહે છે. 'જયાં છીએ ત્યાંથી એક કદમ આગળ પહોંચવાની તલાવેલી અને નહીં પહોંચી શકયાનો અસંતોષ જ માણસને દોડતો રાખે છે'. કરોડો રૂપિયા કમાતો બિઝનેસમેન પણ એમ નથી વિચારતો કે, હવે બહુ થઈ ગયું હવે નથી કમાવું. તેના બદલે તે એકમાંથી અનેકવિધ રીતે વિસ્તાર કરે છે. કારણ કે, જે દિવસે તમને સંતોષ થઈ જાય એ દિવસે પ્રગતિ અટકી જાય છે. સંતોષ એ પૂર્ણવિરામ છે પર પ્રગતિના. એટલે અસંતોષ કે અભાવ કે આપણા જીવનમાં આવતા અલ્પવિરામ છે. અને ' અલ્પવિરામ' પછી' પૂરૂં' નથી થતું પણ અટકે છે, ફરી શરૂ થવા માટે.

## અનુભૂતિનાં અક્ષરો
**- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**



દાખલા તરીકે, મોદી સાહેબે માત્ર 'ચા'થી સંતોષ માની લીધો હોત તો આ વિરલ વ્યકિતત્વ ધરાવતા વડાપ્રધાન આ દેશને મળ્યા હોત ખરા ? ધીરૂભાઈએ માત્ર ' પેટ્રોલ'ના કામથી સંતોષ માની લીધો હોત તો આજે 'અંબાણી' જેવું એમ્પાયર હોત ? આવા તો બીજા કેટલાય ઉદાહરણો છે કે જેમણે પોતાના 'અસંતોષને આવિષ્કાર બનાવી દીધો' આપણો અસંતોષ જ આપણને કંઈક કરી બતાવવાનું જોમ પૂરૂં પાડે છે. 'સંતોષી નર સદા સુખી' એવી કહેવત છે. તો એ મુજબ તો 'જે મળે તે સ્વીકારી લેવાનું' અર્થાત વિકસિત થવાની શકયતાઓને નકારી દેવાની. જયારે તમને કોઈ વસ્તુનો અસંતોષ થાય છે ત્યારે તમે એને મેળવવા કે પામવા મથી પડો છો. પછી તે વ્યકિત હોય કે વસ્તુ. પણ મૂળતઃ અસંતોષની અનુભૂતિ જ તમને આગળ વધવા માટે પ્રેરે છે. 'અભાવ અને અસંતોષથી ભૂખ જન્મે છે, અને આ અભાવને પૂર્ણ કરવાની ભૂખ ઉઘડે પછી માણસ પાછું વળીને જોતો નથી'. તો આપણા જીવનમાં આવતા કોઈપણ અસંતોષને સંતોષ માની સ્વીકારી લઈશું તો ત્યાં જ સમાપન કે પૂર્ણવિરામ થઈ જશે. પણ તેને અલ્પવિરામ માનીશું તો વિકાસની ગતિ અટકશે નહીં. માટે 'સંતોષમાં સુખ છે' એવી ડાહીડાહી વાતો કરનારા પોતે જ પોતાની પ્રતિભા પર પૂર્ણવિરામ મૂકે છે.

એટલે હું તો કહું છું કે,

મને સંતોષ નથી અસંતોષ છે. અને એ જ અસંતોષ મારી પ્રેરણા છે. આગળના ચરણ સુધી પહોંચવાની. એટલે મારા માટે 'અસંતોષ એટલે અલ્પવિરામ અને સંતોષ એ સમાપન' છે. તો આજીવન માણસને જીવંત અને વિકસતા રહેવા માટે કોઈને કોઈ અભાવ, કોઈને કોઈ અસંતોષ તો રહેવો જ જોઈએ. કારણ કે, એ જ માણસને ધબકતો રાખે છે.

તો આપણે સે જીવંત અને ધબકતા રહીએ. અને આપણા અભાવોને અસંતોષને અલ્પવિરામ માની વિકસતા રહીએ. 'અસ્તુ'

## "અમરેલી એકસપ્રેસ"માં મંગળવારથી
# અધિક માસની અમૃતધારા



અમરેલી એકસપ્રેસના વિશાળ વાચક વર્ગ ધર્મપ્રેમી જનતા જનાર્દનના આગ્રહને વશ થઈ. લોકપ્રિય દૈનિકમાં તા. ૧૮/૦૭/૨૦૨૩ થી હંમેશ **"<u>અધિક માસની અમૃતધારા</u>"** ના શિર્ષકથી પાવન પુરૂષોત્તમ માસની દિવ્ય કથાનો પ્રારંભ કરીએ છીએ. સંપાદક તરીકે લોકસાહિત્ય સેતુના મહેન્દ્રભાઈ જોષી ક્રમશઃ પ્રગટ કરશે. સહ ધર્મપ્રેમી, "અમરેલી એકસપ્રેસ" દૈનિકની નિયમિત નકલની વ્યવસ્થા કરાવી લેવા વિનંતી. લેખ અંગેનો પ્રતિભાવ ૯૪૨૬૪ ૫૭૩૫૬ ઉપર આપવા વિનંતી.

**ખેડૂત કહાની**

# ખેતીની સાથે સોશ્યલ મીડિયા દ્વારા સેવાકીય પ્રવૃત્તિ મૂંગા પશુઓ માટે દાનનો પ્રવાહ

હમીરભાઈ દેવશીભાઈ ઓડેદરા હાલ પોરબંદર જિલ્લાનાં સીમાણી ગામમાં રહે છે. ખેતી તેમનો મૂળ વ્યવસાય છે. બાપદાદાની ૨૫ વિઘા જમીનમાં તેઓ મગફળી, ધાણા, જીરૂ જેવા પાકોની ખેતી કરે છે. હમીરભાઈ આજે ૩૭ વર્ષનાં છે. તેઓને પુસ્તકો વાંચવાનો ભારે શોખ છે. તેઓ કહે છે કે મેં માત્ર ૯ સુધી અભ્યાસ કર્યો છે. પણ શરૂઆતથી જ વાંચનનો શોખ છે. છાપાની પસ્તીનો કાગળથી લઈ મોટા ગજાના લેખકોને ખેતી કરતાં–કરતાં વાંચી લઉ છું. મારા વાંચનનાં શોખનો લઈ મેં યુ–ટયૂબ ચેનલ શરૂ કરી તેમાં દર્શકોને વિવિધ ક્ષેત્રમાં કામ કરતાં વ્યકિતની માહિતી આપવાનો પ્રયત્ન કરૂં છું. આજદિન સુધીમાં એટલે કે અઢી વર્ષમાં મારી ચેનલનાં માધ્યમથી ગાયોના ચારો કે જરૂરિયાતમંદ વ્યકિત માટે ૯ લાખ જેવી રકમ પ્રાપ્ત થઈ છે. એક ખેડૂત યુવક પોતાની ખેતીને સાચવતા આ પ્રકારની પ્રેરણા તેમને વાંચનમાંથી મળી છે.

**– હરેશ બોરસાણિયા, મતિરાળા**

# હાસ્યધર્મથી 'અભિગમ બદલતા રહીએ'ની વાત કરીએ

અમારા ગ્રુપમાં અભિગમ પર વાત નીકળી એટલે તેના પર વાત કરીએ. મનમાં ફીટ થયેલું કાઢીએ તો નવું કંઈક ઉમેરાય આપણા મનમાં ઘર કરી ગયેલા ખોટા ને વાહિયાત અભિગમો ખૂબ મોટી જગ્યા રોકીને બેઠા છે. ને આપણને પણ બેઠા રહેવા જ મજબૂર કરી દીધા છે. જેમ કે બેઠેલાનું નસીબ બેઠું રહે છે, ઉભેલાનું નસીબ ઉભુ રહે છે ને સુતેલાનું નસીબ સુતું રહે છે. ચાલતા રહેનારનું નસીબ જ ચાલતું રહે છે. એમ આપણે ખોટા અભિગમોને છોડી ઉત્તમ અભિગમો અપનાવીએ. જેથી નસીબ પણ ચાલતું રહે ને, આપણે પણ ચાલતા રહીએ. લગત એક પ્રસંગ જોઈએ. રૂમમાં ફસાયેલી માખી જોઈએ છે ને ! અરીસાવાળી બારી પાસે પાંખો ફફડાવી છટકવાનો પ્રયત્ન કરે છે. એને એવો વિચાર નથી આવતો કે રૂમની બહાર જવા બીજા ઘણા બધા ખુલ્લા રસ્તા છે. આપણી સાથે પણ આવું જ થાય છે. એક સેલ્સમેન એના ટાર્ગેટનું ૩૦ થી ૪૦ ટકા જ વેચાણ કરી શકે છે. આવા પરિણામથી નિરાશ થઈ પોતે કયાં ખોટો છે કે કયાં ઉણો પડે છે એ જાણવા માટે એક માર્કેટિંગ કન્સલ્ટન્ટની મુલાકાત લીધી. કન્સલ્ટન્ટની ઓફિસમાં દાખલ થતાં જ એને બે દરવાજા જોવા મળ્યા. એક દરવાજા પર લખ્યું હતું સો ટકા કરતા ઓછું વેચાણ અને બીજા દરવાજા પર લખ્યું હતું સો ટકા કરતાં વધુ વેચાણ. સેલ્સમેનનું વેચાણ સો ટકા કરતા ઓછું હોવાથી એ પહેલા દરવાજામાં દાખલ થયો. એમાંથી જે રૂમમાં દાખલ થયો તો ત્યાં પણ બે દરવાજા હતા. એક પર લખાણ હતું ' પ્રોત્સાહક લાભોની કમાણી' તો બીજા પર લખાણ હતું' પ્રોત્સાહક લાભોની કમાણી' નથી એમ લખ્યું હતું. એ ટાર્ગેટ સિદ્ધ કરી શકતો નહોતો એટલે એને ઈન્સિટીવ્ઝ કે પ્રોત્સાહક લાભો મળતા નહોતા, આથી એ બીજા દરવાજા મા દાખલ થયો. વળી એને ત્યાં પણ બે દરવાજા જોવા મળ્યા. એક પર લખ્યું હતું ' તમે જે કંઈ છો એનાથી ખુશ છો' તો વળી બીજા પર લખ્યું હતું 'તમે જે કંઈ છો એનાથી નાખુશ છો' પોતાનો ટાર્ગેટ સિદ્ધ કરી શકતો ન હોવાથી સેલ્સમેન ખુશ નહોતો.

આથી એ બીજા દરવાજામાં પ્રવેશ્યો, દાખલ થતાં જ એણે શું જોયું ? એ જયાંથી ઓફિસમાં પ્રવેશ્યો હતો એ જ રોડ પર એ પાછો આવી ગયો હતો. તાત્પર્ય એ જ કે એકના એક એટીટ્યુડ,અભિગમ સાથે આપણે કામ કરવાનું ચાલુ રાખીએ તો પછી એવા જ એકના એક પરિણામ પ્રાપ્ત થાય. એક જ પ્રકારના વારંવારના વર્તનથી એક જ પ્રકારના વારંવાર પરિણામ મળે છે. અલગ ઈચ્છિત પરિણામ મેળવવા આપણા એટીટ્યુડ,આપણો અભિગમ અને આપણી કાર્ય પદ્ધતિમાં ઉચિત ફેરફાર લાવવા જરૂરી છે. ટૂંકમાં,જિંદગીના અમુક તબક્કે આપણે પણ અલગ અલગ દરવાજા ખોલવા અનિવાર્યછે. અને હા, કોઈ પણ કાર્યક્ષેત્રમાં સફળ થવા માટે હાસ્યનો દરવાજો તો ખુલ્લો જ રાખજો. હસતા રહો, હસાવતા રહો.

# બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા તા. ૯/૭/૨૩ ને રવિવારે પ.પૂ. ઘનશ્યામદાસબાપુ ગુરૂશ્રી દયારામદાસ બાપુ તાપડિયા આશ્રમ–બાબરાનાં અધ્યક્ષ સ્થાને જલારામ મંદિર ખાતે ભવ્ય વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયેલ. ધો. ૧૦ થી માસ્ટર ડિગ્રી સુધીનાં વિદ્યાર્થી ભાઈ–બહેનોમાં એસ.એસ.સી. કુ. અર્ચના જનકભાઈ અગ્રાવત ૯૨.૫૦%– બાબરા, સમગ્ર બાબરા તાલુકામાં દ્રિતિય, પ્રિયાંશી મનિષભાઈ નિમ્બાર્ક બાબરા, ૮૧.૫૦%, ચૈતન્યસ્વામી પૂજા મનિષભાઈ–વાવડા, ૭૮.૬૬%, નિમાવત હરિશ્રી અતુલભાઈ બાબરા, ૬૭%, એચ.એસ.સી. કુબાવત દેવ નિતિનભાઈ–બાબરા ૭૦%, બી.એ. કુબાવત અવની રાજુભાઈ–બાબરા ૭૩%, બી.કોમ. દેવમુરારી તુલસીબેન હસમુખભાઈ મોટા દેવળીયા–૬૬%, એમ.એ. રામાનુજ ફાલ્ગુની મહાવિરભાઈ–ચરખા ૬૮% ને સંતો, મહંતો, રાજયમંડળનાં પ્રમુખ, જિલ્લા મંડળનાં પ્રમુખનાં હસ્તે શિલ્ડ, સન્માનપત્ર તેમજ શિક્ષણ ઉપયોગી કીટ આપી સન્માનિત કરાયા. સંતોમાં પ.પૂ. ઘનશ્યામદાસબાપુ–તાપડિયા આશ્રમ–બાબરા, પ.પૂ. મણીરામબાપા ગુરૂ દયારામબાપા–બાપા સિતારામ આશ્રમ–હડાળા, પ.પૂ. ત્રીભોવનદાસબાપુ–સીતારામ સેવા આશ્રમ–સતાપર, પ.પૂ. ભુપતબાપુ ગુરૂ સીતારામબાપુ–ગુરૂકૃપા આશ્રમ–કાગદડી તેમજ પ.પૂ. ઘનશ્યામદાસબાપુ (રાઘવ)–સાવરકુંડલા પધારી તમામ વિદ્યાર્થી ભાઈ–બહેનોને જ્ઞાતિજનોએ આશિર્વાદ આપ્યા. પદાધિકારીઓમાં અશોકભાઈ રામાનુજ–પ્રમુખ રાજયમંડળ, ચંદુબાપુ–પૂર્વપ્રમુખ રાજય મંડળ, અરૂણભાઈ દેવમુરારી– મહામંત્રી રાજય મંડળપ, દલપતબાપુ કુબાવત–પ્રમુખ જિલ્લા મંડળ, નવનીતભાઈ નિમાવત–પૂર્વપ્રમુખ જિલ્લા મંડળ, બાલકૃષ્ણભાઈ દેવમુરારી–અધ્યક્ષ જિલ્લા મંડળ, મુકેશભાઈ નિમ્બાર્ક–પૂર્વ ખજાનચી જિલ્લા મંડળ, દિલીપભાઈ નિમ્બાર્ક મંત્રી જિલ્લા મંડળ, જિલ્લા ટ્રસ્ટીઓમાં ધીરૂબાપુ દેવમુરારી, નટુબાપુ ભર્ડીગજી, મંજુલાબેન નિમાવત, ભરતભાઈ દેવમુરારી, પ્રમુખ ગઢડા મંડળ, મનહરભાઈ ચૈતન્યસ્વામી, જલારામ મંદિર મુખ્ય ટ્રસ્ટી દિપકભાઈ સેદાણી તથા અનિલભાઈ વણજારાએ કાર્યક્રમમાં પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી. કાર્યક્રમને સફળ બનાવવા એકાદ માસથી તૈયારી કરતા જિલ્લા મંડળનાં ઉપપ્રમુખ અને તાલુકા મંડળનાં મંત્રી પ્રતાપભાઈ એલ. દેવમુરારીનું જિલ્લા મંડળ વતી સાફો, ફૂલહાર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. પૂ. સાધુ સંતો અને રાજય મંડળનાં પ્રમુખ તથા ટ્રસ્ટીઓએ તેમને બિરદાવી સ્વાગત કર્યુ અને સંતોએ આશિર્વાદ આપી તેમની કામગીરીની પ્રસંશા કરી. પ્રતાપભાઈએ તેમના વકતવ્યમાં કાર્યક્રમનો શ્રેય યુવાપાંખનાં પ્રમુખ જનકભાઈ અગ્રાવત, મંત્રી જીતુભાઈ નિમાવત, તાલુકા મંડળનાં રસીકભાઈ અગ્રાવત–ખજાનચી, સભ્ય રાજુભાઈ કુબાવત તથા યુવાપાંખને શ્રેય આપેલ. છેલ્લા ૧૨ વર્ષથી આ કાર્યક્રમ યોજવામાં આવે છે. મીષ્ટ ભોજનનાં આજીવન દાતા પ.પૂ. મણીરામ બાપાની કૃપા દ્રષ્ટિ કાયમ માટે આ તાલુકા માટે રહી છે. તેમના માટે આ તાલુકો કાયમ તેમનો ઋણી રહેશે. પ.પૂ. ઘનશ્યામદાસ બાપુ–તાપડિયા આશ્રમ–બાબરા જગતગુરૂની જન્મ જયંતિનો ભોજન પ્રસાદ સહિત તમામ ખર્ચેળ તેમના તરફથી મળે છે તેનો પણ ખુબ આભાર. જિલ્લા મંડળનાં પૂર્વ પ્રમુખ નવનીતભાઈ નિમાવતે ''સવિતાબા રામાનંદ કુમાર છાત્રાલય'' રૂફટોપ સોલાર માટે અપીલ કરતા સ્થળ ઉપર જ રૂા. ૮૩,૭૦૦/– જેવી રકમ એકત્રીત થયેલ તે માટે તેમને ધન્યવાદ તેમજ હાજર રહેલા તમામ વિદ્યાર્થીઓને ફૂલસ્કેપ ચોપડા તથા નોટબુક, પેન, પેન્સિલ પ્રવિણભાઈ આર. કુબાવત તરફથી આપવામાં આવેલ. તેમજ શીલ્ડ, સન્માનપત્ર રાજુભાઈ મોહનદાસભાઈ કુબાવત (બાબરા) તેમજ શિક્ષણ ઉપયોગી કીટ તાલુકા મંડળ તરફથી મળેલ, ફોટોગ્રાફી, શુટીંગની સેવા રમેશભાઈ નિમાવત–મારૂતિ સ્ટુડિયો, કિશનભાઈ દેવમુરારી, કલ્પેશભાઈ દેવમુરારી(શ્રીરામ સ્ટુડિયો) તરફથી મળેલ. જલારામ મંદિર/વાડીની સેવા જલારામ મંદિર ટ્રસ્ટીઓ તમામ, સમસ્ત લોહાણા સમાજ અમરાપરા–બાબરા તરફથી મળેલ તેમનો ખુબ આભાર દિપકભાઈ સેદાણીએ જણાવેલ પૂ. જલારામબાપા અને પૂ. હરીરામબાપાનાં પ્યારા એવા સાધુ–સંતો માટે આ મંદિરનાં દ્વાર કાયમ માટે ખુલ્લા છે. તાલુકા મંડળનાં પ્રમુખ ડો. રૂગનાથભાઈ કુબાવત, ઉપપ્રમુખ દલપતભાઈ લશ્કરી, મગનભાઈ અગ્રાવત, રસીકભાઈ અગ્રાવત, સભ્યોમાં શામળદાસભાઈ નિમાવત, રમેશભાઈ નિમાવત (નિલવળા), મુકેશભાઈ રામાવત, લાલભાઈ દેવમુરારી, રજનીભાઈ દેવમુરારી, કાળુભાઈ અગ્રાવત, ઘનશ્યામભાઈ લશ્કરી, દલપતભાઈ વસંતસ્વામી, દિપકભાઈ દેવમુરારીએ હાજરી આપેલ. તાલુકા મંડળનાં મુખ્ય ફાળામાં પૂ. મણીરામબાપા તરફથી ભોજન ખચના રૂા.૩૫,૦૦૦ તથા ૫૦૦૦ ઘનશ્યામદાસબાપુ તાપડિયા આશ્રમ, નવનીતભાઈ નિમાવત– રૂા. ૨૧૦૦, રૂા. ૨૫૦૦ અશ્વિનભાઈ ટાઢાણી યાર્ડ–વેપારી આગેવાન, ૨૧૦૦ જિલ્લા મંડળ, ૧૧૦૦ રાજય મંડળ, ૧૧૦૦ દશનામ સાધુ સમાજ તથા ૧૧૦૦ વૈષ્ણવ સાધુ સમાજ તેમજ ૧૦૦૦ ધર્મેન્દ્રભાઈ કુબાવત (જી.ઈ.બી.) તથા ૧૦૦૦/– પ્રજ્ઞાબેન નીલેશભાઈ અગ્રાવત તરફથી મળેલ. પ્રતાપભાઈ દેવમુરારીનાં સીધા માર્ગદર્શન નીચે યોજાયેલ આ કાર્યક્રમને સફળ બનાવવા યુવા પાંખનાં પ્રમુખ જનકભાઈ અગ્રાવત, જીતુભાઈ નિમાવત, પ્રકાશભાઈ ચૈતન્ય સ્વામી–ઉપપ્રમુખ, ચેતનભાઈ રામાવત–ખજાનચી, પ્રવિણભાઈ કુબાવત, મનિષભાઈ અગ્રાવત, ધર્મેન્દ્રભાઈ કુબાવત, કિશનભાઈ વિષ્ણું, અનિલભાઈ વિષ્ણું, નિલેશભાઈ જલાલજી, ધવલભાઈ કુબાવત, આદિત્ય દેવમુરારી, મુકેશભાઈ અગ્રાવત, જયેશભાઈ અગ્રાવત, પારસભાઈ નિમાવત, રાજુભાઈ અગ્રાવત તથા શૈલેષભાઈ અગ્રાવત, ગોપાલભાઈ કુબાવત વિગેરેએ જહેમત ઉઠાવી હતી. વિવેકાનંદ સ્કૂલ બાબરાનાં પ્રિન્સિપાલ અને યુવા પાંખનાં ઉપપ્રમુખ પ્રકાશભાઈ ચૈતન્ય સ્વામીએ ખુબ સુંદર સંચાલન કરેલ સૌ ભોજન પ્રસાદ લઈ છૂટા પડયાં.

પાના ૧ ઉપરનું ચાલું
## લાઠીનાં ધ્રુફણીયા પોસ્ટ ઓફિસનાં

સહી કરી કુલ રોકડ રૂપિયા ૩૩,૦૦૦ ઉપાડી લઈ કુલ રૂપિયા ૮૨,૦૦૦ ની છેતરપીંડી તથા વિસધાત કરી સરકારી નાણાની ઉચાપત કરી ગુન્હો કર્યા ફરિયાદ દામનગર પોલીસમાં લાઠી સબ ડિવિઝનના ઈન્ચાર્જ ઈન્સ્પેકટર પોસ્ટસના રાહુલભાઈ હસમુખભાઈ ચૌહાણે નોંધાવતા તપાસ હાથ ધરાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## જેસર રોડ, બાયપાસ રોડ ઉપરથી

પોતાના હવાલાવાળા ટ્રક નં. જી.જે.–૦૩ બીડબલ્યુ ૪૯૬૯માં ક્રુરતાપૂર્વક ભેંસ નંગ–૯ કિંમત રૂા. ૧,૩૫,૦૦૦ ભરી સાવરકુંડલા નજીક આવેલ જેસર બાયપાસ રોડ ઉપર પસાર થતાં હતા. ત્યારે પોલીસે બાતમીનાં આધારે ટ્રક સહિત રૂા. ૯.૩૫ લાખનાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **કઈપનાબેન જલ્પેશગીરી ગોસાઈ** રહે. ક્રાંકચ વાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

સાવરકુંડલા ગામ ઉતાવળા હનુમાન પાસે
સીટી સર્વે.નં. ૩૯૧૫/૧ જેના ચો.મી. ૫૨–૫
રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર : ૧૬૪૬/૨૦૧૮ રજી. તારીખ : ૧૦/૦૦/૨૦૧૮

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રી દક્ષાબેન કમલેશભાઈ જેઠવા પાસેથી ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત અજયકુમાર હિંમતલાલ ગાંધી પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૧૬૬૭/૨૦૧૧ તા. ૧૫/૦૭/૨૦૧૧નાં રોજ ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત નાંઢા હિંમતભાઈ ધનજીભાઈનાં કુલમુખત્યાર ભરતકુમાર વસંતરાય સંઘવી પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૧૨૮૬/૨૦૦૯ તા. ૩૦/૦૯/૨૦૦૯નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૧૪/૦૯/૨૦૦૯નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૫/૦૭/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

ઉદયન ત્રિવેદી
એડવોકેટ


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૭૬ | ૧૫૪૦ |
| ૨ | શિંગ મોટી | ૧૩૦૦ | ૧૬૨૬ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૦ | ૨૨૫૭ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૬૦૦ | ૧૮૫૦ |
| ૫ | તલ સફેદ | ૨૧૮૦ | ૩૩૪૧ |
| ૬ | તલ કાળા | ૧૮૫૦ | ૩૨૬૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૮ | જુવાર | ૪૭૬ | ૯૯૮ |
| ૯ | ઘઉં બંસી | ૪૬૪ | ૪૬૪ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૧ | ૫૦૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૦ |
| ૧૨ | મકાઈ | ૩૩૦ | ૩૩૦ |
| ૧૩ | મગ | ૧૫૯૦ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા | ૬૫૦ | ૯૮૧ |
| ૧૫ | તુવેર | ૧૧૦૦ | ૧૮૦૪ |
| ૧૬ | કપાસ | ૯૮૫ | ૧૪૪૧ |
| ૧૭ | એરંડા | ૧૧૫૨ | ૧૨૦૦ |
| ૧૮ | જીરૂ | ૧૦૩૦૦ | ૧૦૩૦૦ |
| ૧૯ | રાયડો | ૮૮૨ | ૮૮૨ |

પાના ૮ ઉપરનું ચાલું
## ગીર સોમનાથમાંથી હર્ષ સંઘવીનાં પીએની

જાણીતાઓની બદલી કરવા, નોકરીમાં રાહત આપવા વગેરે પ્રકારની ભલામણો કરવા માટે અધિકારી અને કર્મચારીઓને ફોન કરતો હતો.

**કેવી રીતે ફુટયો ભાંડો**

ગઠિયાએ દોઢ મહિના પહેલા વેરાવળ એસ.ટી. ડેપોમાં ટ્રાફિક ઈન્સપેકટર તરીકે ફરજ બજાવતા દયારામ મેસવાણીયાને ફોન કરીને કહ્યું હતુ કે, તે હર્ષ સંઘવીની ઓફિસમાંથી પીએ દત્તાજી બોલે છે, તમારા ડેપોમાં ફરજ બજાવતા ગોપાલ બારડ નોકરી કરે છે. તેમને એસી બસમાં ફરજ ફાળવજો સંઘવી સાહેબ સાથે વાત થઈ ગઈ છે. જોકે ટ્રાફિક ઈન્સપેકટર ઉપરના અધિકારીને વાત કરજો તેમ કહેતા ગઠિયાએ કહ્યું હતું કે, તમારે વલસાડ બદલીમાં જવું લાગે છે તેમ કહીને ફોન કાપી નાખ્યો હતો. ત્યાર બાદ દશ દિવસ પછી ફરીથી ગઠિયાએ ફોન કર્યો હતો અને ફરીથી પોતાની ઓળખ દત્તાજી પીએ તરીકેની આપીને કહ્યું હતું કે, ગોપાલ બારડને એસી બસમાં તમે કેમ નોકરી આપતા નથી. જોકે ટ્રાફિક ઈન્સપેકટર શકય નથી તેવું કહેતા ફોન કાપી નાખ્યો હતો. ટ્રાફિક ઈન્સપેકટરને ગઠિયા પર શંકા જતાં તેમણે ઉપરી અધિકારીઓને જાણ કરી હતી અને ત્યારબાદ આ અંગે વેરાવળ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે આજે ગીરસોમનાથ એલસીબીની ટીમે જગદીશ નંદાણીયાને ઉમરેઠી ગામ પાસેથી ઝડપી પાડયો હતો.

પાના ૮ ઉપરનું ચાલું
## બાબરાનાં ઈસાપર ગામને

ઈસાપર ગ્રામ પંચાયતના સરપંચ અને ઉપસરપંચ દ્વારા જણાવ્યું હતું કે રાજયના વાહન વ્યવહાર મંત્રી, એસ.ટી.ના નિયામક સ્થાનિક વિભાગીય નિયામક, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિત સ્થાનિક નેતાઓને અનેકવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં ગામમાં આજદિન સુધી એસ.ટી. બસની સુવિધાઓ આપવમાં આવી નથી.

ઈસાપર ગામને સવારે ૭/૩૦ કલાકે અને સાંજે ૭/૩૦ કલાકે જો બસ મળે તો ગામને પૂરતો ન્યાય મળી શકે તેમ છે. કારણ કે આ સમય દરમિયાન ગામમાંથી સ્થાનિક લોકો બાબરા, અમરેલી તેમજ રાજકોટ તરફ ધંધા રોજગાર માટે તેમજ વિદ્યાર્થી અભ્યાસ માટે આવતા જતા હોય છે પણ બસની સુવિધાઓ નહિ હોવાથી ખાનગી વાહનનો ઉપયોગ કરવાની ફરજ પડે છે.

કયારેક વાહન ગામ સુધીનું નહિ મળતા મોંઘું ભાડું આપી સ્પે. વાહન બાંધવાની પણ ગામના લોકોને ફરજ પડી રહી છે. આઝાદીના ૭૫ વરસ વીત્યા હોય અમૃત મહોત્સવની ઉજવણી થતી હોય ત્યારે બાબરા તાલુકાના કોઈ ગામમાં દાયકાઓથી બસની સુવિધાઓ ન હોય અને સુવિધાઓ માટે રજુઆત કરવા છતાં કોઈ નકકર પરિણામ મળ તું નથી. ત્યારે આગામી દિવસોમાં ગામને એસ.ટી. બસની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી લાગણી અને માંગણી ગામના સરપંચ અને ઉપસરપંચ દ્વારા રાજયના મુખ્યમંત્રી સમક્ષ કરવામાં આવી છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૪૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ૩ | શીંગદાણા | ૧૮૦૦ | ૨૦૩૧ |
| ૪ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૩૭૦ |
| ૫ | તલ કાળા | ૨૭૫૦ | ૩૨૨૫ |
| ૬ | કપાસ | ૧૦૦૧ | ૧૪૧૭ |
| ૭ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૧ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૫૪ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૯૫૧ |
| ૧૧ | મકાઈ | – | ૫૩૦ |
| ૧૨ | રાજગરો | – | ૧૭૦૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૯૭૧ |
| ૧૪ | તુવેર | ૧૭૦૦ | ૧૮૦૦ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૧૫૬ |
| ૧૬ | મેથી | – | ૧૧૯૦ |
| ૧૭ | વાલ | – | ૧૧૭૦ |
| ૧૮ | સોયાબીન | ૯૦૦ | ૯૨૭ |

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલા–ઉના–વેરાવળ બાયપાસ માર્ગ પર

બોર્ડ દિશા બતાવતાં મુકાયેલ નહીં હોવાનાં કારણે ગમખ્વાર અકસ્માતનો ભય લોકોને સતાવી રહ્યો છે. અકસ્માતની કોઈ ગંભીર ઘટના ન સર્જાય તે પહેલાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ઠેરઠેર નિયમ મુજબનાં સાઈન બોર્ડ મુકવાની માંગણી ઉઠવા પામી છે.

કોડીનારથી ઉના આવતા બાઈક ચાલક રોહીતભાઈએ જણાવેલ કે મારે ઉના જવું છે પરંતુ લામધાર ગામના પાટીયા પાસે પહોંચ્યો ત્યારે હાઈવે પર ત્રણ રસ્તામાં કોઈ જાતના સુચનો બોર્ડ મારવામાં આવ્યાં નથી. જેથી વાહન ઉભુ રાખીને કોઈકને પૂછવું પડે છે અને અહી ઉભા રહીએ તો સ્પીડમાં આવતા વાહનોનો ભય રહે છે. જેથી અહીં તંત્ર દ્વારા બોર્ડ મારવામાં આવે તેવી માંગ કરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## બાળકી સાથે દુષ્કર્મ કરતાં પોલીસ ફરિયાદ

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલીમાં રહેતા અને અમરેલીની જલારામ સોસાયટીમાં દરજીની દુકાન ધરાવતા હરેશ મનુભાઈ માલવીયા નામનાં ઈસમે ગઈકાલે સવારે ૧૧–૩૦ થી ૧૨ વાગ્યાનાં સમય દરમિયાન એક ૫ વર્ષ ૮ માસની ઉંમર ધરાવતી બાળકીને પોતાની દુકાનમાં બોલાવી, મોબાઈલ ફોનમાં કાર્ટુન બતાવી બાળકીનાં શરીરે અડપલા કરી, ગાલે કીસ કરી આરોપીએ પોતાનું અંડરવેર ઉતારી બાળકી સાથે શારીરિક છેડછાડ કરી આ બાળકી ઉપર બળાત્કાર ગુજાર્યાની ફરિયાદ ભોગ બનનાર બાળકીનાં પિતાએ અમરેલી સીટી પોલીસમાં નોંધાવતા શહેરભરમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં સીટી પોલીસે આરોપી હરેશ મનુભાઈ માલવીયા નામનાં ૪૩ વર્ષિય શખ્સને દબોચી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## બગસરામાંથી ઘઉંનાં શંકાસ્પદ

તેમાંથી શંકાસ્પદ ઘઉં તથા ચોખાનો જથ્થો મળી આવપા પોલીસે આ અંગે બગસરા મામલતદારને જાણ કરતાં આ ઝડપાયેલ જથ્થાને શંકાસ્પદ મુદામાલ તરીકે અટક કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં બગસરા ગામે જીનપરામાં રહેતા વસિમભાઈ રજાકભાઈ કાળવાતર નામનાં ઈસમનાં માલીકીનાં ટ્રક નં. જી.જે.–૧૪ ટી ૬૪૯૬માં ડ્રાઈવર વગરનાં ટ્રકની તલાશી એસઓજી પોલીસે લેતા તેમાંથી ઘઉંનાં કટા આશરે ૩૦ કિલોનાં ૪૦ નંગ કિંમત રૂા. ૩૨૪૦૦ તથા ચોખા ૩૦ કિલો ગ્રામના કટા નંગ–૭૫ કિંમત રૂા. ૬૩૦૦૦નાં મળી આવતા પોલીસે ટ્રક માલીકને બોલાવી પુછપરછ કરતા આ જથ્થો તેઓએ જુદા–જુદા ગામનાં ફેરીયા પાસેથી ખરીદેલો હોવાનું તથા પોતા પાસે એકઠા થયેલ ઘઉં–ચોખાનો જથ્થો ગોંડલ અથવા તો અમરેલી માર્કેટયાર્ડમાં ઉંચા ભાવે વેચતા હોવાનું જણાવેલ હતું.

આ બનાવમાં ઝડપાયેલ ઘઉં તથા ચોખાનો જથ્થો શંકાશીલ હોય જેથી પોલીસે ટ્રક સહિત રૂા. ૨,૯૫,૪૦૦નાં મુદામાલને અટક કરી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી અનાજ તથા વાહનને વડિયાનાં ગોડાઉનનાં મેનેજરને સોંપવામાં આવેલ છે. આ બનાવ અંગે બગસરા મામલતદાર સહિતની ટીમ ધ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૬૯૦ | ૯૨૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૬ |
| ૩ | સોયા | ૮૮૯ | ૯૦૨ |
| ૪ | મગફળી | ૧૨૮૦ | ૧૪૨૨ |
| ૫ | શીંગ દાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૬ | જુવાર | ૬૨૦ | ૯૩૧ |
| ૭ | ધાણા | ૯૭૫ | ૧૨૬૦ |
| ૮ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૯ | તલ સફેદ | ૨૯૧૮ | ૩૧૬૦ |
| ૧૦ | મેથી | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૧૧ | એરંડા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૨ | રાય | ૮૪૯ | ૮૪૯ |
| ૧૩ | બાજરો | ૩૮૫ | ૩૮૫ |

પાના ૮ ઉપરનું ચાલું
## ગીરગઢડાનાં બાબરીયા રેન્જનાં

ફાવે તેમ દંડ ફટકારે છે ત્યારે હવે ગીરગઢડાના બાબરીયા રેન્જના વન કર્મીઓ સામે કોર્ટમાં જેઠાભાઈરામભાઈ બારૈયા દ્વારા ફરિયાદ કરવામાં આવી છે આ કર્મચારીઓ પર આપવામાં આવેલ પરમિશન વાળી જગ્યામાં માલઢોર ચારતા વૃદ્ધને પકડી પાડી માર મારવાના આક્ષેપ કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગીરગઢડાના ફરેડા ગામે રહેતા જેઠાભાઈ રામભાઈ બારૈયા જેઓ અવાર નવાર ગીરગઢડા નજીક આવેલ બાબરીયા રેન્જની વન વિભાગની ઓફિસમાં આરટીઆઈ અન્વયે માહિતી તેમજ પાતાળેર મંદિર બાબતે રજૂઆતો કરતા હોય ત્યારે વન વિભાગ દ્વારા નિવેદન આપવા માટે જેઠાભાઈ ને બોલાવેલ હોય અને જેઠાભાઈને જણાવેલ હોય કે અમે જે રીતે કહીએ તે રીતે નિવેદન લખાવો અને તમે કરેલ આરટીઆઈની અરજી પરત ખેંચી લો જેથી જેઠાભાઈ વન વિભાગ સાથે સહમત ન થતા વન કર્મીઓ દ્વારા જોઈ લેવાની ધમકી આપેલ. ત્યારબાદ ગત તારીખ ૧૪ જુલાઈના રોજ સવારે ૧૦:૩૦ કલાકની આસપાસ જેઠાભાઈ વન વિભાગ દ્વારા આપવામાં આવેલ પરમિશન વાળા વિસ્તારમાં માલઢોર ચરાવતા હોય તે સમયે બાબરીયા રેન્જના આરએફઓ દ્વારા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની ૨૬ (૨) ૨૭,૨૯,૫૦,૫૧ મુજબની કલમો નોંધી જેઠાભાઈની અટક કરી કોર્ટમાં રજૂ કરતા જેઠાભાઈ રામભાઈ દ્વારા માર માર્યા તેમજ અન્ય કેસમાં ફીટ કરવાની ધમકી આપ્યા બાબતની કોર્ટ સમક્ષ ફરિયાદ કરતા કોર્ટે જેઠાભાઈને ઉના સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરી આગળની કાયવાહી હાથ ધરી હતી ત્યારબાદ આરોપી દ્વારા જામીન અરજી કરતા કોર્ટ દ્વારા બંને પક્ષોની દલીલો સાંભળી આરોપીના જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. જેમાં આરોપીના વકીલ તરીકે એડ. એસ. એસ. ઝવેરી (સોએબ મેમન) રોકાયેલ હતા.


**શૈક્ષણિક સંસ્થામાં સ્ટાફ જોઇએ છે**

- ભોજનાલય વિભાગ : રસોઈ કામ કરી શકે તેવા
- ભોજનાલય વિભાગ : લેબર કામ કરી શકે તેવા

▪ આકર્ષક પગાર ધોરણ ▪ ઈ.પી.એફ. ફંડ સુવિધા ▪ રહેવા જમવાની સુવિધા

ઉપરોકત અરજી શાળાએ રૂબરૂ અથવા વોટ્સઅપ મારફત PDF મોકલવી
Mo. 94262 35335

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત
અમરેલી જિલ્લા વિદ્યાસભા સ્કૂલ–હોસ્ટેલ
લાઠી રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૩૦૫૧૧, ૬૧૧.



## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ સંજય દિલીપભાઈ જોગરાજીયા, રહે.અમરેલી. (ઠે.ગાયત્રી મંદિર રોડ, જલારામ સોસાયટી, મણીનગર) ની મિલ્કત અંગે લાગતા– વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરીએ છીએ કે, અમરેલી જીલ્લાના અમરેલી ગામે સુધરાઈ હદમા કુંકાવાવ રોડ રસ્તે આવેલ રે.સ.નં.૯૩૩ પૈકીની રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ જમીન માહેના પ્લોટ નં.૧૨ ની જમીન ચો.મી. ૧૨૦–૨૫ ના મારા અસીલ વેચાણલેખથી માલીક છે. આ રે.સ.નં.૯૩૩ પૈકીની જમીન શ્રી રળીયાતબેન રવજીભાઈ ધાનાણી વિગેરેના કુ.મુ. શ્રી મધુભાઈ રવજીભાઈ ધાનાણીએ રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવવા અરજ અહેવાલ કરતા મહે.કલેકટર સાહેબ, અમરેલીના હુકમ નં. ચિ–જમન–૧–વશી–૯૦૨૮–બખપ–એસ.આર. –૫–૦૨–૦૩ તા.૧૧/૧૨/૨૦૦૩ થી રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે. જેનો લેઆઉટ પ્લાન મે.નાયબ નગર નિયોજક સાહેબ, જુનાગઢના પત્ર નં.ડેવ– અમરેલી–૧૯૭૧ તા.૫/૧૦/૨૦૦૨ થી "નિલકંઠ નગર" નામે મંજુર થયેલ છે. તે માહે આવેલા પ્લોટ નં.૧૨ ની કુલ ચો.મી.૧૨૦–૨૫ ની જમીન હરીલાલ રવજીભાઈ ધાનાણી, મધુભાઈ રવજીભાઈ ધાનાણી ના કુલમુખત્યાર તથા પોતે જાતે કનૈયાલાલ રવજીભાઈ ધાનાણી એ તા.૨૧/૩/૧૭ ના વેચાણલેખ નં.૭૨૮ થી કુસુમબેન વિમલભાઈ ગોહિલ ને વેચાણ આપેલ. તેમના પાસેથી તા.૨૦/૬/૧૯ ના લેખ નં. ૨૫૪૯ થી ચંદ્રિકાબેન અરવિંદભાઈ વસાવડાએ વેચાણ રાખેલ, તેમના પાસેથી આ પ્લોટની જમીન અમારા અસીલ સંજય દિલીપભાઈ જોગરાજીયા, રહે.અમરેલીએ વેચાણલેખ નં.૧૧૮૯ તા.૧૩/૩/૨૩ થી વેચાણ રાખેલ છે. ત્યારથી અમારા અસીલના માલીકી હકકે આવેલ છે.સદરહુ મિલ્કત સબંધે અમારા અસીલ સંજય દિલીપભાઈ જોગરાજીયા, રહે.અમરેલી એ અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ માં લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૧૬–૦૭–૨૦૨૩

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

### વડિયા નજીક આવેલ

# હનુમાન ખીજડીયાનાં ગ્રામજનો દ્વારા સુરત ખાતે સ્નેહમિલન સમારોહ યોજાયો

## ગામના વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

વડિયા, તા. ૧૫

વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામના વતની અને હાલ સુરત ખાતે સ્થાઈ થયેલ પટેલ સમાજના લોકો દ્વારા અગીયારમો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાનાં અધ્યક્ષ સ્થાને હનુમાન ખીજડીયાના વતની અને હાલ સુરત ખાતે સ્થાઈ થયેલ પટેલ સમાજના લોકોની ઉપસ્થિતિ વચ્ચે જોરદાર સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. જેમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા બાબરા–લાઠીનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, અમરેલી જિલ્લા ભાજપ યુવા મોરચાના મહામંત્રી જગદીશભાઈ નાકરાણી, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાત, વડિયા–કુંકાવાવ તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર સહિતના રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે



હનુમાન ખીજડીયા ગામના વતની અને હાલ સુરત ખાતે પટેલ સમાજના કારોબારી સમિતિના રમેશભાઈ પટોળીયા, વસંતભાઈ ગોંડલીયા, હરસુખભાઈ સાવલિયા, હરેશભાઈ ભુવા, મનસુખભાઈ સાવલિયા સહિતના હનુમાન ખીજડીયાનાં ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### અમરેલી જિલ્લાનાં ખેડૂતોએ

# મગફળીનાં પાકમાં સફેદ ઘૈણની ઈયળો અને જીવાતનાં સંકલિત નિયંત્રણ માટે પગલા લેવા અનુરોધ

## વધુ વિગત માટે ખેતીવાડી વિભાગનો સંપર્ક કરવો

અમરેલી તા.૧૫

ચાલુ ખરીફ ઋતુમાં મોટેભાગે સૌરાષ્ટ્ર વિસ્તારમાં અગત્યના ખેતી પાક મગફળીમાં ઘૈણ નામની જીવાતનો ઉપદ્રવ સામાન્ય રીતે જોવા મળવાના અહેવાલ છે. જે મગફળી પાકને નુકશાન પહોંચાડે છે. મગફળીનો છોડ સૂકાઈ જતાં મોટા ખાલા પડે છે. સંકલિત જીવાત નિયંત્રણ માટે આ મુજબ પગલા લેવા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે. (૧) **મગફળી ચાસમાં આપવાની માવજત :** જીવાતનો ઉપદ્રવ ઓછો હોય ત્યારે જૈવિક જંતુનાશકો જેવી કે, મેટારીઝીયમ એનીસોપ્લી અથવા બ્યુવેરીયા બાસીયાના ૧.૧૫ વે.પા (ન્યુનતમ ૨ બાય ૧૦૯ સીએફયુ/ગ્રામ) વાવેતર પહેલા અથવા ઉગવાના ૩૦ દિવસ પછી ૧ કિગ્રા ૩૦૦ કિગ્રા દિવેલી ખોળ સાથે ભેળવી છોડની હરોળમાં આપવી. આ બંને જૈવિક જંતુનાશકો જમીનમાં આપતા સમયે ભેજ હોવો આવશ્યક છે. ઘૈણનો ઉપદ્રવ વધારે હોય તો બજારમાં મળતા રાસાયણિક જંતુનાશકો ક્લોરપાયરીફોસ ૧૦જી હેકટરે ૧૦ થી ૧૫ કિગ્રા ચાસમાં વાવેતર પહેલા આપવું. **(૨) વાવેતર પછી નિયંત્રણના પગલા :** જીવાતનો ઉપદ્રવ ઓછો હોય ત્યારે ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી.૨૫ થી ૩૦ મી.લી.દવા પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિક્ષ કરી પંપની નોઝલ કાઢી મગફળીના મૂળ પાસે પડે અને જમીનમાં ઉતરે તે રીતે રેડવું. ઉભા પાકમાં આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. અથવા કવીનાલફોસ ૨૫ ઈ.સી. હેકટરે ૪ લીટર પ્રમાણે પિયત પાણી સાથે આપવાથી સારું નિયંત્રણ મળે છે.

ચોમાસામાં મગફળીમાં પિયત ન આપવાનું હોય ત્યારે આ જીવાતના નિયંત્રણ કરવા માટે ક્લોરપાયરીફોસ ૪ લીટર દવા ૫ લીટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો જીણી રેતીમાં ભેળવી ત્યારબાદ રેતી સૂકવી, આ રેતી એક હેકટર વિસ્તારમાં છોડના થડ પાસે પુખવી ત્યારબાદ જો વરસાદ ન હોય તો હળવું પિયત આપવું. મીથોકસી બેન્જીન નામનું રસાયણ બજારમાં ઉપલબ્ધ છે. જે આ જીવાતના એગ્રીગેશન એટલે કે બધા પુખ્ત એકઠા કરવાના ફેરોમોન તરીકે કામ કરે છે. તેનો ઉપયોગ કરી ઢાલિયાની વસ્તીને કાબૂમાં રાખી શકાય છે. વધુ જાણકારી માટે ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, કે.વી.કે, ખેતી અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ અને તાલીમ) અથવા કિસાન કોલ સેન્ટર નં. ૧૮૦૦ ૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત

# જિલ્લાકક્ષાનો ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ યોજાશે

## ૦૫ ઓગસ્ટ સુધીમાં અરજી પહોંચાડવી

અમરેલી, તા.૧૫

રાજય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર, ગુજરાત રાજય લલિતકલા અકાદમીના ઉપક્રમે અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત કચેરી દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અન્વયે જિલ્લા કક્ષાનો પેઈન્ટિંગ વર્કશોપ યોજાશે.

આ વર્કશોપમાં વર્ષ ૦૯ થી વર્ષ ૧૪ સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ વર્કશોપમાં ભાગ લેવા માટેનું અરજી ફોર્મ જિલ્લા રમત ગમત કચેરીના બ્લોગ એડ્રેસ amreli.blogspot.com પરથી અથવા કચેરી ખાતેથી રૂબરૂ પણ મેળવી શકાશે. વિદ્યાર્થીએ વર્કશોપના અરજીપત્રકમાં ઉંમર, આધાર પૂરાવા(આધાર કાર્ડ/ જન્મ તારીખનો, દાખલો) પોતાનું નામ સરનામું, મોબાઈલ નંબર, ઈ–મેઈલ આઈ.ડી વગેરે જેવી બાબતો ઉલ્લેખ કરવાની રહેશે. વર્કશોપમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ અરજી તા. ૦૫/૦૮/ ૨૦૨૩ બપોરના ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી, રમત–ગમત કચેરી, બહુમાળી ભવન, બ્લોક–સી, રૂમ નં.૧૧૦/૧૧૧, પ્રથમ માળે, અમરેલીને મોકલવાની રહેશે. આ સ્પર્ધાની વધારે માહિતી માટે કચેરીના ફોન નંબર (૦૨૭૯૨) ૨૨૩૬૩૦ પર સંપર્ક કરી શકાશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# રાજુલા આરોગ્ય વિભાગ દ્વારા નર્સ બહેનોને યુ-વિન પોર્ટલ વિશે તાલીમ અપાઈ



રાજુલા, તા. ૧૫

દેશમાં ઓનલાઈન કો–વિન પોર્ટલ દ્વારા કોવિડ રસીકરણ કાર્યક્રમને સફળતા મળતા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા સગર્ભા માતા અને બાળકોના રસીકરણનો ડિજિટલ રેકોર્ડ રાખવા માટે યુ–વિન પોર્ટલ લોન્ચ કર્યું. જેમાં દેશના કોઈ પણ ખૂણેથી રસીકરણ કરાવી શકાશે. જેનો ઉપયોગ ગર્ભવતી મહિલાઓના રજીસ્ટ્રેશન અને રસીકરણ કરવા, પ્રસવનો રેકોર્ડ રાખવા, નવજાતનું રજીસ્ટ્રેશન કરવા, જન્મ બાદ રસીના ડોઝ આપવા અને અન્ય રસીકરણ કાર્યક્રમ માટે કરવામાં આવશે.

અમરેલી જીલ્લાના આર.સી.એચ.ઓ. ડો. એ.એસ. સાલવીના જણાવ્યા અનુસાર ગર્ભવતી મહિલાઓના ટીકાકરણની સાથે સાથે બાળકના જન્મથી લઈ રસીકરણ સુધીની તમામ માહિતી અપડેટ કરવામા આવનાર હોઈ લાભાર્થી દ્વારા ઘરબેઠા જ નજીકના હોસ્પિટલમાં રસીની આગામી તારીખ અને ઉપલબ્ધતા જાણી શકશે. જેથી લાભાર્થીને લાઈનમાં ઉભા રહેવા જેવી બાબતોથી છુટકારો મળશે તેમજ સગર્ભા માતા અને બાળકોને થયેલ રસીકરણનુ સર્ટિફિકેટ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર દ્વારા ડાઉનલોડ કરી શકાશે અને આગામી રસીકરણની તારીખ પણ જાણી શકાશે.

આગામી ૮ ઓગસ્ટથી શરૂ થતા મિશન ઈન્દ્રધનુષના બાળકોનું રસીકરણ યુ–વિન પોર્ટલના માધ્યમથી કરવામાં આવશે અને ત્યારબાદ ક્રમશઃ રૂટિન રસીકરણ કામગીરીને પણ આવરી લેવા માટે રાજુલા તાલુકાના તમામ નર્સ બહેનોને તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા દ્વારા યુ–વિન પ્રેકટીકલ ડેમો ટ્રેનીંગ આપી દેવાઈ છે. જેમાં ડો. જયકાંત પરમાર, ડો. શીતલ મેગળ, ડો. પરેશ કાતરીયા, ડો. જયદીપ ચભાડીયા અને તેજસભાઈ ધ્રાગધરીયા સહિતનો આરોગ્ય સ્ટાફ હાજર રહેલ જે યાદીમાં જણાવેલ છે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં જન્મદિનની પ્રેરક ભવ્ય ઉજવણી



અમરેલી, તા. ૧૫

લાઠીનાં હીરાણાનાં દિશાંત પ્રતાપભાઈ ડેરનો જન્મદિવસ હતો. તેની ખુશીમાં તેમના પિતા પ્રતાપભાઈ ડેર (સરપંચ)ની લાગણી હતી કે બાળકોને અમારા તરફથી પાઉંભાજીનું ભોજન કરાવવું છે. તેથી તેઓ તેમજ હીરાણા ગામના ઘણા વિદ્યાર્થીઓ અહી અભ્યાસ કરે છે તે બધા વાલીઓ સાથે અહી આવીને બધો જ સામાન લઈને જાતે ખુબ જ સ્વાદિષ્ટ પાઉંભાજી બનાવી બાળકોને ભોજન કરાવ્યું. સાંજની પ્રાર્થના સભામાં વાલી પ્રતાપભાઈ ડેરનું સ્મૃતિ ભેટ આપીને સન્માન કરેલ. આજના આ કાર્યક્રમમા હીરાણા ગામના હનુમાનજી આશ્રમમાં પૂજય ગોપાલદાસબાપુ પણ હાજર રહીને બાળકોને આશિર્વાદ આપેલ. તેમજ બાળકોમાં રાષ્ટ્રભકિત અને ભારતીય સંસ્કૃતિની વિસ્તૃત છણાવટ કરી સાથે સાથે હીરાણાના અમારા સ્નેહી લાઠી તાલુકાના ભાજપ મહામંત્રી જગદીશભાઈ ખૂંટ, હીરાણા પ્રાથમિક શાળાના શ્રેષ્ઠ શિક્ષક ગઢવી તથા સંસ્થાના વાલી નરેશભાઈ ખૂંટ, ભાવેશભાઈ ડેર, વિપુલભાઈ ડેર, મુકેશભાઈ સરધારા, બચુભાઈ ડેર સહિતના વાલીઓ ઉપસ્થિત રહીને ખુશી વ્યકત કરેલ.

# કોટડાપીઠા : પ્રા.આ. કેન્દ્ર દ્વારા વિશ્વ વસ્તી પખવાડીયાની ઉજવણી

કોટડાપીઠા, તા. ૧૫

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા દ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની સુચના અને તાલુકા હેલ્થ ઓફીસરના માર્ગદર્શન મુજબ તા. ૧૧/૦૭/૨૦૨૩ થી ૨૪/૦૭/૨૦૨૩ સુધી વિશ્વ વસ્તી પખવાડીયાની ઉજવણી કરવામાં આવી.

આ તકે પ્રા.આ.કેન્દ્ર કોટડાપીઠા ખાતે ગુરૂ શીબીરનું આયોજન કરવામાં આવેલ તેમજ કોપર–ટી કેમ્પનું આયોજન કરવામાં આવેલલ સાથે આરોગ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલુ હતુ. તેમાં બહોળી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો.

આ તકે પ્રા.આ.કેન્દ્રના મેડીકલ ઓફિસર તેમજ સુપરવાઈઝર મેહુલભાઈ દ્વારા કુટુંબ નિયોજનની કાયમી અને બીનકાયમી પધ્ધતિઓ વિશે સમાજ આપેલી તેમજ બે બાળક વચ્ચે અંતર અંતર રાખવા માટે કોપર–ટી મુકાવવી, માલા ગોળી,



કોન્ડમ, અંતરા ઈજેકશન વગેરેનો ઉપયોગ કરવા વિશે સમજાવ્યુ. કોટડાપીઠા વિસ્તારમાં આવેલ આંગણવાડી કાર્યકર બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો. તેમજ કોટડાપીઠા વિસ્તારમાં આવેલ આંગણવાડી કાર્યકર બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો. તેમજ એનેમિયા મુકત ભારત અંતર્ગત વાનગી હરીફાઈનું આયોજન પણ કરવામાં આવેલ હતુ તેમજ જુલાઈ માસ ડેંગ્યુ વિરોધી માસ તરીકે ઉજવણીના ભાગરૂપે મચ્છર દ્વારા ફેલાતા રોગોથી બચવાના ઉપાયો, ખાડા ખાબોચીયામાં માટી કામ થી પુરાણ કરાવવુ, મચ્છરદાનીમાં સુવાની ટેવ પાડવ, ભરેલાપાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવાની માહીતી આપવામાં આવેલ તેમજ આ તકે પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતુ.

કાર્યક્રમને સફળ બનાવવા કોટડાપીઠા આરોગ્ય ટીમે તેમજ આઈસીડીએસ ટીમ બાબરાએ જહેમત ઉઠાવી હતી. તેમ કોટડાપીઠા પ્રા.આ. કેન્દ્રના મેડીકલ ઓફીસરની યાદીમાં જણાવેલ છે.

# રાજકોટનાં અંકિત એસ્ટેટનાં દિલીપભાઈ સોમૈયા પરિવાર દ્વારા સદ્‌ભાવના વૃદ્ધાશ્રમને ૧૧ લાખનું અનુદાન

રાજકોટ, તા. ૧૫

સદ્‌ભાવના વૃદ્ધાશ્રમને રાજકોટનાં જાણીતા લેન્ડ ડેવલોપર્સ, અંકિત એસ્ટેટનાં દિલીપભાઈ સેમૈયા પરિવાર દ્વારા ૧૧ લાખનું અનુદાન આપવામાં આવ્યું. વૃદ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાતો છે જ. કમનસીબે સંયુકત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે.

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા સાત વર્ષથી સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃદ્ધાશ્રમમાં નાત–જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે.

વૃદ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૦૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ(ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવાચાકરી કરવા વાળા પણ કોઈ ન હોય, એકલવાયી–નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલું આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યકિતઓ(કોઈપણ ઉંમરનાં) માટે સદ્‌ભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહ્યો છે. યથાશકિત સેવા કરાઈ રહી છે. સદ્‌ભાવના



વૃદ્ધાશ્રમ દ્વારા ૩૦ એકર જગ્યામાં, ૭૦૦ રૂમનાં નવા વૃદ્ધાશ્રમનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેમાં પ્રથમ તબક્કે ૨૦૦૦ વડીલોનો સમાવેશ કરવામાં આવશે. સદ્‌ભાવના વૃદ્ધાશ્રમને રાજકોટનાં જાણીતા લેન્ડ ડેવલોપર્સ, અંકિત એસ્ટેટનાં દિલીપભાઈ સોમૈયા પરિવાર દ્વારા સદ્‌ભાવના વૃદ્ધાશ્રમની વિવિધ પ્રવૃતિઓથી ખુશ થઈને ૧૧ લાખનું અનુદાન આપ્યું હતું. સદ્‌ભાવના વૃદ્ધાશ્રમનાં ટ્રસ્ટી ધીરૂભાઈ કાનાબાર દ્વારા તેમનું મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# સા.કુંડલાની બ્રાન્ચ શાળા–૮માં ચંદ્રયાન–૩નું લાઈવ પ્રસારણ યોજાયું



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા બ્રાંચ શાળા –૮ માં ચંદ્રયાન–૩ નું લાઈવ પ્રસારણ ધોરણો ૧ થી ૮ બાળકોને બતાવવામાં આવ્યુ. જેમાં શ્રી હરિકોટાથી લઈને હાલના જેટલા ઉપગ્રહો છોડવામાં આવ્યા તેની માહિતી તેમજ જેટલા યાન જેવા કે મંગળયાન, ચંદ્રયાન ૧,૨,૩ વિશેષ માહિતી આપવામાં આવેલ. આજના જમાનામાં બાળકોને વિજ્ઞાન ટેકનોલોજી અળગા થાય છે તે આપની આસપાસમાં રહેલ વિજ્ઞાન અને ટેકનોલોજી વિશે વિશેષ માર્ગદર્શન પૂરતું મળી રહે તે માટે શાળા દ્વારા ચંદ્રયાન લોન્ચિંગ સમય નક્કી કરવામાં આવેલ. જેમાં તમામ બાળકોને ખૂબજ મજા આવી. બાળકો વિજ્ઞાન પ્રત્યે સમય ફાળવ્યો તથા શાળા પરિવારનો પણ સારો સહકાર જોવા મળ્યો.

# અમરેલી પાલિકાની આર્યભટ્ટ શાળા ખાતે માન્ય ખાનગી શાળાઓની બેઠક યોજાઈ




અમરેલી શહેરની માન્ય ખાનગી પ્રાથમિક શાળાની આર્યભટ્ટ અંગ્રેજી માધ્યમ શાળા ખાતે શુક્રવાર તા. ૧૪/૭/૨૦૨૩નાં રોજ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. આ મીટીંગમાં સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોષી, શાસના અધિકારી આશિષભાઈ જોષી, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાંથી ચૌહાણ, ભૂતૈયા તેમજ બી.આર.સી. કુલદીપભાઈ મકવાણા, સી.આર.સી. અશ્વિનભાઈ તથા સી.આર.સી. હેતલબેન તેમજ કચેરીનાં હેડ કલાર્ક તેલીભાઈ, સંદીપભાઈ વામજા દ્વારા આર.ટી.ઈ., ઓનલાઈન હાજરી, વિદ્યાર્થીઓની નિ યમિતતા, કચેરી શાળાને લગતા રેકર્ડ નિભાવ અને સમયસર માહિતી મળી રહે તે માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. આ મિટીંગમાં શહેરની ૪૨ માન્ય ખાનગી શાળાઓનાં સંચાલકો, આચાર્યો તેમજ તેમના પ્રતિનિધી અને ખાનગી પ્રાથમિક શાળાનાં સંચાલક મંડળનાં હોદ્દેદારો સહિત ઉપસ્થિત રહ્યાં હતા. આ મીટીંગમાં શહેરનાં સંચાલકોને શાસનાધિકારી તેમજ ચોહાણ, ભૂતૈયા દ્વારા વખતોવખત શિક્ષણ વિભાગનાં સુચના અનુસાર ચાઈલ્ડ ટ્રેકીંગ સીસ્ટમ તેમજ યુ ડાઈસ પ્લસ, આર.ટી.આઈ., જ્ઞાન સાધના, જ્ઞાન શકિત રેસી. સ્કૂલ, અંગે માર્ગદર્શન અને સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા જણાવેલ હતું. કચેરીનાં સંદીપભાઈ દ્વારા આર.ટી.ઈ. બાળકોનાં બેંક ખાતા, રજીસ્ટરો વગેરેની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ મીટીંગમાં ચેરમેન દ્વારા ઉજજવળ ભારતનાં ઉજજવળ બાળકોને સમયસર સરકારી નિયમો પ્રમાણે લાભો મ ળી રહે તેમજ જયાં જરૂર પડે ત્યાં મદદ કરવાની ખાતરી સાથે બાળકોનાં સર્વાંગી વિકાસમાં સૌને ભાગીદાર બનવાનું જણાવ્યું હતું. આ તકે સંચાલક મંડળનાં રાજુભાઈએ પણ બધી માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓ વતી સમિતિ સાથે સાપેક્ષ રીતે કામગીરી કરીશું એવી ખાતરી આપી હતી. મિટીંગ પૂર્ણ થતાં તમામ ખાનગી શાળાનાં સંચાલકોએ આર્યભટ્ટ અંગ્રેજી માધ્યમ શાળાની વિઝીટ કરવામાં આવેલ હતી, જેમાં સ્માર્ટ કલાસની કાર્ય પદ્વતિ તેમજ શાળાની સુવિધાઓથી અવગત કરવામાં આવ્યાં હતા. તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–અમરેલીની યાદીમાં જણાવવામાં આવે છે.

### ખેતીકાર્ય કરનાર સૌ કોઈમાં ફફડાટ

# સા.કુંડલાનાં અમૃતવેલમાં દીપડાએ હુમલો કરતાં શ્રમિક ઈજાગ્રસ્ત

## ૧૦૮ની મદદથી શ્રમિકને સારવારમાં ખસેડાયો

અમરેલી, તા. ૧૫

સાવરકુંડલાનાં અમૃતવેલ ગામે શ્રમિક ખેતરે કામ કરી રહ્યા હતાં. ત્યારે દીપડાએ હુમલો કરતાં ઘવાયેલ શ્રમિકને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે.

આ બનાવમાં અમૃતવેલની સીમમાં આવેલ ખેતરમાં ખેતી કરતા એક શ્રમિક ઉપર અચાનક જ દીપડાનો હુમલો કરી દેતા અફડાતફડી મચી જવા પામી હતી. દીપડાનાં હુમલાનાં બનાવમાં શ્રમિકને બંને હાથે અને છાતી પીઠના ભાગે ગંભીર ઈજાઓ કરી હતી. ઈજાગ્રસ્ત શ્રીમકે રાડારાડ કરતા દીપડો નાશી છૂટયો હતો. જયારે ૧૦૮ ની મદદ



વડે ઈજાગ્રસ્ત શ્રમિકને સાવરકુંડલા સારવારમાં ખસેડાયેલ હતાં.

### જુદા–જુદા ગામડાઓમાં રૂબરૂ જઈ અનેક વ્યકિતઓની વિગતો મેળવી લઈ

# અમરેલીનાં નારાયણ પ્લાઝા કોમ્પ્લેક્ષમાં ઓફિસ ધરાવતાં શખ્સોએ ખોટા દસ્તાવેજો બનાવ્યા

## સીટી પોલીસે ગુન્હો નોંધી આરોપી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૧૫

અમરેલીનાં સ્ટેશન રોડ ઉપર આવેલ નારાયણ પ્લાઝા કોમ્પ્લેક્ષમાં પહેલા માળે ઓફિસ ધરાવતા હર્ષદ દેવશીભાઈ સરધારાએ જુદા–જુદા ગામડાઓમાં જઈ અને પાનકાર્ડ ન ધરાવતાં વ્યકિતઓ પાસેથી નવા પાનકાર્ડની અરજી કરાવી લઈ આવ્યા અને એક અરજી કરાવી આપવાનાં રૂા. ૫૦ લેખે આપવામાં આવતાં હતા. આ અરજી દરમિયાન લોકોની વિવિધ વિગતો જેવી કે, નામ, સરનામું, આધારકાર્ડ, મોબાઈલ નંબર, ફીંગર પ્રિન્ટ જેવી વિગતો મેળવી લેવાતી હતી.

આરોપી હર્ષદ દેવશીભાઈ સરધારા ત્રણેક માસ પહેલા ઓફિસ ખાલી કરી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે વેરા નિરીક્ષકની કચેરી–ભાવનગર ખાતેથી તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

આ તપાસ દરમિયાન આરોપી હર્ષદ દેવશીભાઈ સરધારા, રાજદીપભાઈ લાખાભાઈ વાળા, અબ્બાસ બિલખીયા, મોહિન બિલખીયા તથા સોહિલ ધાનાણી તથા અન્ય લોકોએ કુલ ૧૭૩ જેટલા જીએસટી રજીસ્ટ્રેશન મેળવી લીધા હતા. જે પૈકી ૬૦ જીએસટી રજીસ્ટ્રેશન સ્ટેટસ હાલ એકટીવ છે.

આ બનાવમાં આરોપી ધ્વારા જુદા–જુદા વ્યકિતઓની જાણ બહાર તેમના દસ્તાવેજોનો દુરૂઉપયોગ કરી ખોટા દસ્તાવેજો, ખોટા પુરાવા ઉભા કરી બોગસ જીએસટી રજીસ્ટ્રેશન મેળવી અને બોગસ બિલીંગની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવા સબબ અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

### બગસરા નજીક આવેલ

# સુડાવડથી કડાયા માર્ગ ઉપરથી વિદેશી દારૂની બોટલ સાથે ૧ની અટકાયત

## કડાયા ગામનાં સગા બે ભાઈઓ સામે ફરિયાદ

અમરેલી, તા. ૧૫

બગસરા તાલુકાનાં કડાયા ગામે રહેતા જયદીપભાઈ ભરતભાઈ બસીયા નામના ઈસમ પોતાના કબ્જામાં વિદેશી દારૂની બોટલ નંગ–૯ કિંમત રૂા. ૩૩૭૫ રાખી સુડાવડથી કડાયા જવાનાં માર્ગ ઉપરથી નીકળતા પોલીસે તેમને ઝડપી લઈ પુછપરછ હાથ ધરતા આરોપીનો સગો નાનો ભાઈ અનિરૂધ્ધ ભરતભાઈ બસીયાએ વેચાણ અર્થે મંગાવી આપ્યાની કબુલાત આપતા બન્ને ભાઈઓ સામે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### મીડિયા જગતમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં

# અંતે દામનગરનાં માર્ગ–મકાન વિભાગનાં બોર્ડમાં સુધારો થયો

## જિલ્લાનાં તમામ બોર્ડની સમીક્ષા જરૂરી

દામનગર, તા. ૧૫

દામનગર થી ઠાસા, મુળીયાપાટ અને સુવાગઢ ગામ તરફ જવાના માર્ગે ગાયત્રી મંદિર પાસે મૂકવામાં આવેલ બોર્ડમાં એક જ ઠાસા ગામનું બોર્ડ હતું, તેથી વાહન ચાલકો ટલ્લે ચડતા હતાં. બોર્ડમાં નામ બાબતે અખબારોમાં અહેવાલ પ્રસિદ્ધ કરતા તેની અસર (પડઘો) થતા અધિકારીઓએ નોંધ લઈને આ બોર્ડમાં મુળીયાપાટ અને સુવાગઢ ગામનું નામ




લખવામાં આવતા વાહન ચાલકોને રાહત થઈ છે અને આ ત્રણેય ગામના લોકોએ તંત્રના અધિકારીઓનો આભાર માનેલ છે.


### બદલી માટે કરતો હતો ભલામણ

# ગીર સોમનાથમાંથી હર્ષ સંઘવીનાં પીએની ખોટી ઓળખ આપનારો ગઠિયો ઝડપાયો

## નકલી અધિકારીઓની ભરમાર ઉભી થઈ હોય તેવું લાગે છે

ઉના, તા. ૧૫

ગુજરાતમાં નકલી અધિકારીઓની ભરમાણ નિકળી હોય તેમ લોકો સામે રોફ જમાવવા માટે લોકો ખોટી ઓળખ ઊભા કરતાં હોવાના તાજેતરમાં અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે આજે વધુ એક કિસ્સો ગીર સોમનાથમાં સામે આવ્યો છે. જેમાં રાજય ગૃહમંત્રી હર્ષ સંઘવીના પીએની ઓળખ આપીને લોકો સામે રોફ જમાવતો હતો. ગીરસોમનાથ એલસીબીની ટીમે ગૃહ રાજયમંત્રીના પીએની ખોટી ઓળખ આપનાર




વ્યકિતની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી છે.

ગીરસોમનાથમાં ગૃહ રાજયમંત્રીના પીએ દત્તાજીની ખોટી ઓળખ આપીને જગદીશ નંદાણીયા લોકો સામે રોફ જમાવતો હતો. લોકો તેની વાતમાં ફોસલાઈ જાય તે માટે ગઠિયાએ ટ્રુ કોલર એપ્લિકેશનમાં તેના નંબરની ઓળખમાં હર્ષ સંઘવી પીએ લખ્યું હતું. સાથે જ હર્ષ સંઘવીનો ફોટો પણ મુકયો હતો. ત્યાર બાદ ગઠિયો ગૃહમંત્રીના પીએ દત્તાજીની ખોટી ઓળખ આપીને સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓમાં નોકરી કરતાં

અનુસંધાન પાના ૬ ઉપર

### માલઢોર ચરાવવા બાબતે

# ગીરગઢડાનાં બાબરીયા રેન્જનાં વન અધિકારીઓ દ્વારા વૃધ્ધને માર મરાયો

## વન અધિકારીઓ વિરૂધ્ધ કોર્ટમાં ફરિયાદ




તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૫

ગીરગઢડાના બાબરીયા રેન્જના વન અધિકારીઓ દ્વારા માલઢોર ચરાવવા વૃદ્ધને માર મારવામાં આવતા વન કર્મીઓ વિઢદ્ધ કોર્ટમાં ફરિયાદ નોંધાઈ છે.

વન વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓની દાદાગીરી સામે આવી રહી છે ખાખી વર્દીના જોરે હવે વન વિભાગના કર્મીઓ પણ ગમે તેને માર મારે છે કેટલાક લોકોને મન

અનુસંધાન પાના ૬ ઉપર

### ખેતરો પાણીથી ભરાતા ખેતીપાકને નુકસાનની ભીતિ

# સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારોમાં સતત થઈ રહેલ મેઘ મહેર હવે 'કહેર' બની

## આંબરડી, કૃષ્ણગઢ સહિત ગામોમાં ભારે વર્ષાથી વાવેતર પાણીમાં ડૂબ્યા

આંબરડી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં મેઘરાજાએ વરસાદના બીજા રાઉન્ડમાં બોલાવેલ સટાસટી બાદ સર્વત્ર પંથકમાં જળબંબાકાર જોવા મળી રહ્યો છે. ત્યારે સાવરકુંડલા પંથકના આંબરડી ગામ સહિતના વિસ્તારમાં બીપરજોય વાવાઝોડા બાદ સતત પડી રહેલા વરસાદ બાદ વરસાદનો બીજો રાઉન્ડ સા.કુંડલાનાં ગ્રામ્ય વિસ્તારોમાં કહેર વર્તાવી રહ્યો હોય એમ આંબરડી ગામ સહિત આસપાસના ગામોમાં સતત સાત દિવસ સુધી ધોધમાર વરસાદ પડતા ખેતરો પાણીથી ભરાવાને કારણે



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

ઉભા પાકને નુકસાન થવાની ભીતિ ધરતીપુત્રો માટે આફત બની છે. ખેડૂતોએ વાવેતર કર્યા બાદ કુદરતી ક્રમ મુજબ વરાપ નહિ નીકળતા સતત વરસાદના કારણે જમીન તરબોળ બની જતા ખેતરમાં પગ ખૂંચી જતા હોવાથી નિંદામણ જેવું ખેતી કામ થઈ નહિ શકવાના કારણે મગફળી, કપાસ સહિત અન્ય પાકો ફેઈલ જવાની ચિંતા જગતના તાતને સતાવી રહી છે.

### અનેકવાર રજૂઆત છતાં પરિણામ શૂન્ય

# બાબરાનાં ઈસાપર ગામને એસ.ટી. બસની સુવિધા મળતી ન હોય પરેશાની

## વિદ્યાર્થીઓ સહિતનાં મુસાફરોની સમસ્યા દૂર કરો

બાબરા, તા. ૧૫

બાબરા તાલુકાના ઈસાપર ગામે છેલ્લા ૨૦ વરસથી સરકારી એસ.ટી. બસની સુવિધાઓ નહિ હોવાથી ગામના સ્થાનિક મુસાફરો તેમજ વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવાની ફરજ પડી રહી છે. ત્યારે ગામના સરપંચ મહેન્દ્રસિંહ સોલંકી અને ઉપસરપંચ દીપેશભાઈ વાઘેલા દ્વારા રાજયના મુખ્યમંત્રીને પત્ર પાઠવી ગામમાં એસ.ટી. બસની



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સુવિધાઓ આપવાની માંગ કરેલ છે.

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)